સુવિચાર

હિંમત એટલે શું? એનો અર્થ એ કે પરિણામની પરવા કર્યા વિના તમે કાર્યસિદ્ધિ માટે મથ્યા રહો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




થોરાળા પોલીસ સ્ટેશનમાં લુખ્ખાઓ અંગે રજૂઆત કરવા છતાં પોલીસે આંખ આડા કાન કર્યા...? P-4

Year-16, Issue-121 ■ DATE : 30-08-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ટ્રમ્પનો ટેરિફ ગેરકાયદેસરઃ યુ.એસ ફેડરલ કોર્ટ

**ભારત સહિત દુનિયાભરમાં ટેરિફ ટેરર સર્જનાર અમેરિકન પ્રમુખને અદાલતનો હથોડોઃ સુપ્રીમ કોર્ટમાં અપિલની તક આપી ૧૪ ઓકટોબર સુધી ટેરિફ ચાલુ રાખવાની છૂટઃ આંતરરાષ્ટ્રીય આર્થિક રણનીતિને આંચકારૂપ ચૂકાદો**



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

વોશિંગ્ટન તા.૩૦ અમેરિકામાં ગઝબની સ્થિતિ ઉભી થઇ છે કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પના હથિયાર પર હથોડાથી પ્રહાર કર્યો છે. ટ્રમ્પના ટેરિફને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યો છે. યુએસ અપીલ કોર્ટે પોતે સ્વીકાર્યું છે કે ડોનાલ્ડ ટ્રમ્પનો ટેરિફ ગેરકાયદેસર છે. તે ગેરકાનૂની છે. યુએસ અપીલ કોર્ટે પોતાના નિર્ણયમાં સ્પષ્ટપણે કહ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા મોટાભાગના ટેરિફ કાયદા અનુસાર નથી. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પે આ નિર્ણય પછી કહ્યું હતું કે ટેરિફ હજુ પણ અમલમાં છે.

ભારત સહિત વિશ્વભરના દેશો સામે ટેરિફ યુદ્ધ છેડનારા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને યુએસ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. એક અપીલ કોર્ટે શુક્રવારે પોતાના નિર્ણયમાં ટ્રમ્પના મોટાભાગના ટેરિફને ગેરકાયદેસર જાહેર કર્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફને યુએસ વિદેશ નીતિનો આધારસ્તંભ બનાવ્યો છે અને તેનો ઉપયોગ રાજકીય દબાણ બનાવવા અને યુએસમાં માલ નિકાસ કરતા દેશો સાથે વેપાર કરારો પર ફરીથી વાટાઘાટો કરવા માટે કર્યો છે. કોર્ટના ૭-૪ બહુમતીના નિર્ણયથી નીચલી કોર્ટના નિષ્કર્ષની પુષ્ટિ થઈ છે કે ટ્રમ્પે ટેરિફ લાદવા માટે કટોકટીની આર્થિક શક્તિઓનો ઉપયોગ કરીને પોતાની સત્તાનો ભંગ કર્યો છે.આ નિર્ણયને ટ્રમ્પની વેપાર નીતિ પર સીધો હુમલો માનવામાં આવી રહ્યો છે અને હવે આ અંગે આગામી કાનૂની લડાઈ સુપ્રીમ કોર્ટમાં થવાની શક્યતા છે. કોર્ટે કહ્યું કે, આ કાયદો રાષ્ટ્રપતિને જાહેર કરાયેલ રાષ્ટ્રીય કટોકટીના પ્રતિભાવમાં અનેક પગલાં લેવા માટે નોંધપાત્ર સત્તા આપે છે, પરંતુ આમાંથી કોઈ પણ કાર્યવાહીમાં ટેરિફ, ડ્યુટી અથવા સમાન પગલાં લાદવાનો અથવા કર વસૂલવાનો અધિકાર સ્પષ્ટપણે શામેલ નથી. જો કે, કોર્ટે ટેરિફને મધ્ય ઓક્ટોબર સુધી ચાલુ રાખવાનો સમય આપ્યો હતો જેથી ટ્રમ્પ વહીવટીતંત્ર તેને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકે.

અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પે કોર્ટના નિર્ણયની ટીકા કરી, તેને ખોટો ગણાવ્યો અને આગ્રહ કર્યો કે આ ટેરિફ યથાવત રહેશે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર લખ્યું, બધા ટેરિફ હજુ પણ યથાવત છે! આજે એક ખૂબ જ પક્ષપાતી અપીલ કોર્ટે ભૂલથી કહ્યું કે અમારા ટેરિફ દૂર કરવા જોઈએ, પરંતુ તેઓ જાણે છે કે અંતે યુનાઈટેડ સ્ટેટ્સ જીતશે.

ટ્રમ્પે વધુમાં કહ્યું કે 'જો આ ટેરિફ ક્યારેય દૂર કરવામાં આવે છે, તો તે દેશ માટે સંપૂર્ણપણે વિનાશક બનશે. આ આપણને આર્થિક રીતે નબળા પાડશે અને આપણે મજબૂત બનવું પડશે. તેમણે દલીલ કરી હતી કે ટેરિફ એ વેપાર ખાધ અને વિદેશી વેપાર અવરોધોનો સામનો કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે. તેમણે કહ્યું, અમેરિકા હવે વિશાળ વેપાર ખાધ અને અન્યાયી ટેરિફ અને બિન-ટેરિફ અવરોધોને સહન કરશે નહીં, જે અન્ય દેશો, પછી ભલે તે મિત્ર હોય કે શત્રુ, દ્વારા લાદવામાં આવે છે, જે આપણા ઉત્પાદકો, ખેડૂતો અને બીજા બધાને નબળા પાડે છે.

અદાલતી ચુકાદાને પગલે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારે ધુંધવાયા હોય તેમ ચુકાદાનો વિરોધ કર્યો હતો સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ'પર પોસ્ટમાં તેઓએ સ્પષ્ટ કર્યું હતું કે હાલ તમામ ટેરિફ અમલમાં જ છે. અદાલતી ચુકાદો પક્ષપાતભર્યો છે છતાં તેઓ જાણે છે કે છેવટની જીત અમેરિકાની જ થશે.

## ભકતો દ્વારા મંદિરને દાનમાં આપવામાં આવેલા નાણા પરમાત્માના છેઃ હાઇકોર્ટ



**મુખ્ય સમાચાર, ચેન્નાઇ**

મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ સરકારને ફટકો આપ્યો છે. કોર્ટે કહ્યું કે ભક્તો દ્વારા મંદિરને દાનમાં આપવામાં આવેલા પૈસા ફક્ત દેવતાના છે. આવી સ્થિતિમાં, તેનો ઉપયોગ ફક્ત મંદિરના કોઈપણ કાર્ય માટે અથવા ધાર્મિક અને સખાવતી હેતુઓ માટે થવો જોઈએ. આ નિર્ણયની સાથે, હાઈકોર્ટે ૨૦૨૩ થી ૨૦૨૫ વચ્ચે રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા ૫ આદેશોને પણ રદ કર્યા, જેમાં મંદિરના ભંડોળનો ઉપયોગ કરીને લગ્ન મંડપ બનાવવાનું કહેવામાં આવ્યું હતું.

સરકાર દ્વારા મંદિરની મિલકત અને ભંડોળના વ્યાપારી ઉપયોગ સામે દાખલ કરવામાં આવેલી અરજીમાં, અરજદારે દાવો કર્યો હતો કે સરકારને મંદિરના ભંડોળનો ઉપયોગ કરવાનો કોઈ અધિકાર નથી. અરજદારે દલીલ કરી હતી કે સરકાર મંદિરના ભંડોળનો ઉપયોગ કરીને જે લગ્ન હોલ બનાવવા માંગે છે તેનો કોઈ ધાર્મિક હેતુ નથી કારણ કે તે ભાડે આપવામાં આવી રહ્યા છે.

મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચ, જેમાં ન્યાયાધીશ એસ.એમ. સુબ્રમણ્યમ અને જી. અરુલ મુરુગનનો સમાવેશ થાય છે, તેમણે આ અઠવાડિયાની શરૂઆતમાં આ આદેશ આપ્યો હતો. બેન્ચે કહ્યું હતું કે તમિલનાડુ સરકાર મંદિરના સંસાધનોનો ઉપયોગ ફક્ત મંદિરોના જાળવણી અને વિકાસ અને તેની સાથે સંબંધિત ધાર્મિક પ્રવૃત્તિઓ માટે કરવા માટે બંધાયેલી છે. તેનો વ્યાપારી ઉપયોગ કરી શકાતો નથી.

રાજ્ય સરકાર તરફથી હાજર રહેલા વકીલ વીરા કથીરાવનએ દલીલ કરી હતી કે મંદિરના ભંડોળનો ઉપયોગ સમાજ માટે થઈ રહ્યો છે. જે ઈમારતો બનાવવામાં આવી છે તેમાં ધાર્મિક રિવાજો અનુસાર કરવામાં આવતા હિન્દુ લગ્નોને જ મંજૂરી આપવામાં આવશે. રાજ્યએ કોર્ટને વધુમાં જણાવ્યું હતું કે હજુ સુધી કોઈ પૈસા જાહેર કરવામાં આવ્યા નથી અને તમામ પ્રસ્તાવિત બાંધકામ કાર્ય માટે જરૂરી પરવાનગીઓ મેળવવામાં આવશે. જો કે, હાઈકોર્ટે રાજ્યની આ દલીલ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. તેણે ઠરાવ્યું હતું કે હિન્દુ લગ્નને એક સંસ્કાર માનવામાં આવે છે પરંતુ તેમાં હિન્દુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫ હેઠળ કરારના તત્વો પણ શામેલ છે. તેથી, કાયદા હેઠળ હિન્દુ લગ્ન પોતે ધાર્મિક હેતુ' નથી.

કોર્ટે હિન્દુ ધાર્મિક અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ એક્ટ, ૧૯૫૯નો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આ કાયદો મંદિરના ભંડોળને ફક્ત ધાર્મિક અથવા સખાવતી હેતુઓ જેમ કે પૂજા, ભોજન, યાત્રાળુઓના કલ્યાણ અને ગરીબોને રાહત માટે ખર્ચવાની મંજૂરી આપે છે અને સરકારની આવકમાં વધારો કરતા કોઈપણ કાર્ય માટે નહીં.

કોર્ટે કહ્યું, ભક્તો દ્વારા મંદિર અથવા દેવતાને દાનમાં આપવામાં આવેલી સ્થાવર અને સ્થાવર મિલકત પર દેવતાનો અધિકાર છે. આવી સ્થિતિમાં, તેનો ઉપયોગ ફક્ત મંદિરોમાં તહેવારોની ઉજવણી માટે અથવા મંદિરની જાળવણી માટે અથવા વિકાસ માટે થઈ શકે છે. મંદિરના પૈસાને જાહેર પૈસા કે સરકારી પૈસા ગણી શકાય નહીં. આ પૈસા હિન્દુ ધાર્મિક લોકો દ્વારા આપવામાં આવે છે, તે તેમના ધાર્મિક રિવાજો, પ્રથાઓ અથવા વિચારધારાઓ પ્રત્યેના ભાવનાત્મક અને આધ્યાત્મિક જોડાણને કારણે આપવામાં આવ્યા છે.

આ આદેશ સાથે, કોર્ટે ચેતવણી પણ આપી હતી કે મંદિરના ભંડોળનો ઉપયોગ ફક્ત રશિયા દ્વારા સ્પષ્ટ રીતે મંજૂર કરાયેલા હેતુઓ માટે જ કરવો જોઈએ. જો પરવાનગીનો અવકાશ વધારવાનો પ્રયાસ કરવામાં આવશે, તો આ પૈસાના દુરુપયોગ અને ઉચાપત માટે માર્ગ ખુલશે. કોર્ટે કહ્યું કે આવો દુરુપયોગ મંદિરના સંસાધનોનો દુરુપયોગ હશે અને તે હિન્દુ ભક્તોના ધાર્મિક અધિકારોનું પણ ઉલ્લંઘન કરશે, જેઓ શ્રદ્ધાથી મંદિરોમાં દાન કરે છે.'

## નરેન્દ્ર મોદીએ જાપાનના પીએમ સાથે બુલેટટ્રેનની મુસાફરી કરી

**મુખ્ય સમાચાર, ટોકિયો**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના જાપાનના પ્રવાસના બીજા દિવસે અનેકવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો અને જાપાનના વડાપ્રધાન પણ સતત તેમની સાથે હતા. વડાપ્રધાને આજે જાપાનની ટોકિયો ઈલેકટ્રોન ફેકટરીની મુલાકાત લીધી હતી અને ત્યાંથી જાપાનના વડાપ્રધાન શિગેરૂ ઈશિબા સાથે ટોકિયોથી સેંદાઈની બુલેટ ટ્રેનની સફર કરી હતી.



બાદમાં શ્રી મોદી અને જાપાનના વડાપ્રધાન વચ્ચે શિખર મંત્રણા યોજશે. બાદમાં સાંજે મોદી ચીનના પ્રવાસે જવા રવાના થશે. આજે શ્રી મોદીએ જાપાનના ૧૬ પ્રાંતના રાજયપાલો સાથે મુલાકાત કરી હતી. જેમાં બન્ને દેશો વચ્ચે ટેકનોલોજી આદાનપ્રદાન રોકાણ, સ્કીલ ડેવલપમેન્ટ સ્ટાર્ટઅપ તથા લઘુ તથા મધ્યમ ઉદ્યોગના ક્ષેત્રમાં બન્ને દેશોના સહયોગ પર ભાર મુકયો હતો.

જાપાનના વડાપ્રધાન શિગેરએ પણ ટવીટ કરીને બુલેટટ્રેન પ્રવાસની તસવીરો શેર કરતા લખ્યું કે પ્રધાનમંત્રી મોદી સાથે સેંડાઈ અને રાષ્ટ્રવડાઓએ સેંડાઈના લોહુકો શિકોનશેન પ્લાંટની મુલાકાત લીધી હતી. જયાં બુલેટટ્રેનના કોચ બને છે. મોદીએ અહીં બુલેટ ટ્રેનના સંચાલનમાં જોડાયેલા ભારતીય ડ્રાઈવરો સાથે મુલાકાત લીધી હતી.

## રશિયાના પ્રમુખ પુટિન ડિસેમ્બરમાં ભારતની મુલાકાત લેશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરીફ વોરની હવે ભારત-રશિયા વધુ નજીક આવી રહ્યા છે તથા રશિયાના વડાપ્રધાન વ્લાદીમીર પુટીન ડિસેમ્બર માસમાં ભારતની મુલાકાતે આવશે. કાલથી જ ચીનમાં શાંઘાઈ શિખર બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુટીન મળનાર છે.

તે સમયે રશિયન પ્રમુખની મુલાકાતની ચર્ચા થશે તે વચ્ચે દક્ષિણના પાટનગર મોસ્કોમાં કેમલીને જાહેર કર્યુ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણથી પ્રમુખ પુટીન ડિસેમ્બર માસમાં ભારતની મુલાકાત લેશે. જો કે બન્ને દેશો ડિપ્લોમેટ હવે તારીખ નિશ્ચિત કરશે.

યુક્રેન યુદ્ધ શરુ થયા બાદ પુટીનની આ પ્રથમ ભારત મુલાકાત હશે. રસપ્રદ બાબત એ છે કે આ વર્ષના અંતમાં ભારતમાં રાષ્ટ્રોની જે શિખર બેઠક યોજાઈ રહી છે. તેમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ ભારત આવી શકે છે. જો કે બન્ને દેશોના સંબંધોમાં ટેરીફથી જે તનાવ છે તે જોતા અને આગામી મહિને સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં વડાપ્રધાન મોદી ન્યુયોર્ક જશે. તેમાં પ્રસ્તાવિત કાર્યક્રમ છે તે સમયે મોદી-ટ્રમ્પ મળે છે કે કેમ તેના પર સૌની નજર છે.

## ગુજરાતમાં 'વોટ ચોરી'નો કોંગ્રેસનો આરોપઃ પુરાવા આપ્યા

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

વોટચોરીના મામલે ગુજરાતમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. કોંગ્રેસ દ્વારા ભાજપ પર 'વોટ ચોરી' નું ગંભીર ષડયંત્ર રચવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. કોંગ્રેસના નેતાઓએ ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની લોકસભા બેઠક, નવસારી, અને તેની હેઠળ આવતી ચોર્યાસી વિધાનસભા બેઠકની મતદાર યાદીની ચકાસણી કરીને વોટચોરીના આક્ષેપો કર્યા છે.

પ્રેસ કોન્ફરન્સની શરૂઆતમાં અમિત ચાવડાએ રાહુલ ગાંધીના વોટ ચોરીના ખુલાસાનો ઉલ્લેખ કર્યો અને મતદારોની ચકાસણી કરવી જરૂરી છે તેવું જણાવ્યું. પત્રકારોને વિગતવાર માહિતી આપતાં જણાવ્યું હતું કે કે ચોર્યાસી વિધાનસભામાં કુલ ૬,૦૯,૫૯૨ મતદારો છે. તેમાંથી ૪૦% એટલે કે ૨,૪૦,૦૦૦થી વધુ મતદારોની ચકાસણી કરવામાં આવી છે. આ ચકાસણી દરમિયાન ૩૦,૦૦૦ થી વધુ ડુપ્લિકેટ અને શંકાસ્પદ મતદારો મળી આવ્યા છે. જો આખી મતદાર યાદીની ચકાસણી કરવામાં આવે તો ૭૫,૦૦૦ થી વધુ બનાવટી મતદારો મળી શકે છે. આ 'વોટ ચોરી' ભાજપના કેન્દ્રીય મંત્રીના વિસ્તારમાંથી પકડાઈ હોવાનો પણ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.

અમિત ચાવડાએ જણાવ્યું હતું કે કઇ-કઇ રીતે વોટ ચોરી કરવામાં આવે છે. જેમાં મુખ્યત્ત્વએ આ પાંચેય રીતે વોટ ચોરી થઈ રહી છે અને તેના કારણે ચોર્યાસી વિધાનસભામાં ૧૨% મતદારો શંકાસ્પદ જોવા મળ્યા છે. વોટ ચોરી પાંચ અલગ અલગ રીતે કરવામાં આવી રહી છે, જેના પુરાવા પણ રજૂ કરવામાં આવ્યા છે.

ચોર્યાસી વિધાનસભાના આંકડાઓના આધારે કોંગ્રેસે અનુમાન લગાવ્યું છે કે હાલમાં સમગ્ર ગુજરાતમાં ૬૨ લાખ જેટલા મતદારની યાદી બનાવટી હોઈ શકે છે. કોંગ્રેસે આ સમગ્ર પ્રક્રિયાને 'લોકશાહી ખતમ કરવાનું ષડયંત્ર' ગણાવ્યું છે. 'ચોકીદાર ચોર છે' તે આના પરથી સાબિત થતું હોવાનો દાવો કર્યો છે.




કોંગ્રેસે આ મુદ્દે આક્રમક વલણ અપનાવ્યું છે. રવિવારે કલેક્ટર ઓફિસ સામે 'વોટર અધિકારી જનસભા'' યોજવામાં આવશે. જેમાં સમગ્ર ગુજરાતમાંથી કોંગ્રેસના નેતાઓ ઉપસ્થિત રહેશે અને 'વોટ ચોરને ખુલ્લા પાડવામાં આવશે'. કોંગ્રેસે સ્પષ્ટ કર્યું છે કે આ લડાઈ કોઈ પક્ષ કે ચૂંટણીની હાર-જીતની નથી, પરંતુ દેશની લોકશાહી અને બંધારણીય અધિકારોને બચાવવા માટેની છે. કોંગ્રેસે ચૂંટણી પંચને આ મુદ્દે ચર્ચા કરવા માટે આમંત્રણ આપ્યું છે અને એફિડેવિટની માંગને મુદ્દો ડાયવર્ટ કરવાના પ્રયાસ ગણાવ્યા છે. આગામી સમયમાં તેઓ ઘરે-ઘરે જઈને મતદાર યાદીની ચકાસણી કરશે.

## ચાંદીએ રોકાણકારોને કર્યા માલામાલઃ સવા લાખની નજીક પહોંચી

### ચાલુ વર્ષનાં ૭ મહિનામાં જ ચાંદીમાં ૩૬ ટકા તથા સોનામાં ૩૩ ટકાનું રિટર્ન

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સોના-ચાંદીના ભાવોમાં રેકોર્ડબ્રેક તેજીનો સિલસિલો ચાલુ રહ્યો હોય તેમ આજે વધુ મોટો ઉછાળો નોંધાયો હતો. સોનુ ૧૦૬૮૭૦ તથા ચાંદી ૧,૨૩,૮૯૦ ની નવી ઉંચાઈએ પહોંચી હતી.

અમેરિકાનાં ટેરિફવોર રશીયા-ચીન યુદ્ધનો અંત આવતો ન હોય, ટેરિફનાં વૈશ્વિક અર્થતંત્રમાં વ્યાપક પ્રત્યાઘાત પડવાની આશંકા અમેરીકામાં વ્યાજદર ઘટવાના સંકેતો સહિતના અનેકવિધ કારણોથી સોના-ચાંદી માર્કેટ કેટલાંક વખતથી જોરદાર તેજીમાં છે અને હજુ આ દોર ચાલૂ જ છે.

મોડીરાત્રે વિશ્વબજારમાં ભાવ વધુ ભડકયા હતા. આંતર રાષ્ટ્રીય માર્કેટમાં સોનુ ૩૪૪૮ ડોલરે પહોંચ્યુ હતું. ચાંદીનો ભાવ ૩૯.૭૨ ડોલર હતો.રાજકોટમાં હાજર સોનું ૧૧૦૦ રૂપિયાના




ઉછાળાથી ૧૦૬૮૯૦ હતું.ચાંદી ૨૬૯૦ રૂપિયા વધીને ૧૨૩૮૯૦ હતી બન્નેના ભાવ અત્યાર સુધીની નવી ઊંચાઈએ પહોંચ્યા હતા.

જાણકારોનાં કહેવા પ્રમાણે ચાલુ કેલેન્ડર વર્ષમાં અત્યાર સુધીનાં ૮ મહિનાના ગાળામાં ચાંદીમાં ૩૬ ટકાનું ધરખમ રિટર્ન મળ્યુ છે. ગત ૧લી જાન્યુઆરીએ ચાંદીનો ભાવ રૂા.૮૬૫૦૦ હતું સોના કરતા પણ ચાંદીમાં વધુ કમાણી થઈ છે.

સોનાને લાગે વળગે છે ત્યાં સુધી ગત ૧ જાન્યુઆરીએ ૧૦ ગ્રામ સોનું ૭૯૨૦૦ હતું તેમાં ૩૭ ટકાનું રીટર્ન મળ્યુ છે. કેટલાંક વખતથી વૈશ્વિક સ્તરે ભૌગોલીક ટેન્શન આર્થિક ચિંતા જેવા કારણોથી ઈન્વેસ્ટરો સેફ હેવન સોના-ચાંદી તરફ વળ્યા છે. દુનિયાભરની બેંકો પણ ખરીદી કરતી હોવાની ભાવો સળગી રહ્યા છે.

રાજકોટના ટોચના જવેલરે કહ્યું કે અમેરિકા સાથે ટેરિફ વોર વચ્ચે ભારતીય રૂપિયામાં ગાબડુ પડતા અને ઐતિહાસીક તળીયે સરકી જતાં ઘર આંગણે ભાવ વધારો મોટો છે આવતા દિવસોમાં કરન્સી માર્કેટની હલચલ વધુ અસર સર્જી શકે છે ટેરિફ અનિશ્ચિતતાનો પણ પ્રત્યાઘાત છે.

ભારતમાં આવનારા મહિનાઓમાં દશેરા-દિવાળી જેવા તહેવારો આવી રહ્યા છે. તેવા સમયે સોના-ચાંદીનાં ઉંચા ભાવથી કારોબારને મોટો ફટકો લાગવાની ભીતિ છે.

## ગીરમાં રસ્તો પહોળો કરવાની દરખાસ્તને ફગાવાઇ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

એશીયાઈ સાવજોનો વરસાદ ધરાવતાં એકમાત્ર ગીર અભ્યારણમાં પ્રકૃતિ-પર્યાવરણને નુકશાન રોકવા માટે ઉદેશ સાથે નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફ દ્વારા બામણાસાથી જામવાળા રોડને પહોળો કરવાની દરખાસ્ત ફગાવી દીધી છે.

ગીર સોમનાથ જીલ્લામાં બામણશાથી જામવાળાનો રસ્તો પહોળો કરવા માટે માર્ગ-મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. સ્ટેટ હાઈવે ૯૮ પરનાં આ પ્રોજેકટ માટે અભ્યારણની ૧.૩૦ હેકટર જંગલની જમીન માંગવામાં આવી હતી. ગુજરાત વાઈલ્ડ લાઈફ બોર્ડ દ્વારા તેને મંજુરી આપવામાં આવી



હતી. અને બહાલી આપવાની ભલામણ સાથે નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફને મોકલવામાં આવી હતી. પરંતુ તેના દ્વારા તે નકારી દેવામાં આવી હતી.બોર્ડની સ્ટેન્ડીંગ કમીટીની બેઠકની મીનીટસ મુજબ ગીર અભ્યારણ એશીયાઈ સિંહોનું રહેઠાણ છે ઉપરાંત અનેક પ્રજાતિનાં વન્ય પ્રાણીઓનું રહેઠાણ છે.દરખાસ્ત વર્તમાન કાચો રોડ પહોળો અને ડામરનો કરવા સુચવાયું છે. પરંતુ અભ્યારણ માટે પર્યાવરણ પ્રાકૃતિક વાતાવરણ અનિવાર્ય છે. ગીર અભ્યારણના અનેક રસ્તા બંધ છે અને કેટલાંકમાં સમયમર્યાદા છે.

આ સ્થિતિમાં પ્રોજેકટથી ઈકો સીસ્ટમ તથા વન્ય જીવોની હેરફેરમાં વિઘ્ન ઉભુ થઈ શકે છે. અભ્યારણની અંદરના રસ્તાથી ટ્રાફિક વધવાના સંજોગોમાં પ્રાણીઓ માટે ડીસ્ટબર્ન્સ સર્જાઈ શકે. આ પ્રકારની દલીલો સાથે રસ્તો પહોળો કરવાની દરખાસ્ત નકારવામાં આવી હતી.

બેઠકમાં એવી પણ ટીપ્પણી થઈ હતી કે ડામરનો રસ્તો બનાવવામાં આવે તો વખતો વખત સમારકામ કરવુ પડે અને તેનાથી આગ લાગવાનું જોખમ ઉભુ થઈ શકે.

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક
SATURDAY 30/08/2025


# જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરની ઉપસ્થિતિમાં રાવલસર ખાતે નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરની ઉપસ્થિતિ- માં જામનગર તાલુકાના રાવલસર ખાતે નેશનલ સ્પોર્ટ્સ ડે ની નવસર્જન ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ કબડ્ડી, ખો-ખો, સંગીત ખુરશી, દોડ અને લીંબુ-ચમચી જેવી વિવિધ રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે કલેક્ટરએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું કે, શિક્ષણની સાથે રમત-ગમત પણ જીવનનો એક મહત્વનો ભાગ છે. રમત માત્ર શારીરિક જ નહીં, પરંતુ માનસિક વિકાસ માટે પણ ખૂબ જરૂરી છે. તે ટીમ વર્ક, અનુશાસન અને નેતૃત્વ જેવા ગુણો શીખવે છે.'' તેમણે મેજર ધ્યાનચંદજીને યાદ કરીને તેમના જીવનમાંથી પ્રેરણા લેવા માટે પણ વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો.આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, ગ્રામ્ય પ્રાંત અધિકારી બ્રિજેશ કાલરીયા, શાળાના આચાર્યઓ, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં નેવલ એનસીસીનો દસ દિવસીય રોમાંચક તાલીમ કેમ્પ યોજાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં આહિર શૈક્ષણિક સંકુલ છાત્રાલયમાં શાળાકોલેજના ૪૩૦ કેડેટ્સ જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર્સના નેજા હેઠળ ૮ ગુજરાત નેવલ એનસીસી યુનિટ દ્વારા વિવિધ આયામોમાં કપરી તાલીમ મેળવી રહ્યા છે. તા. ૨૨ ઓગસ્ટથી

૩૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધીનો આ દસ દિવસીય તાલીમ કેમ્પ આયોજિત છે.આ કેમ્પ અંતર્ગત ૦.૨૨ રાઈફલથી ફાયરિંગ, એક જહાજમાંથી બીજા જહાજ પર ફ્લેગ વડે અપાતા નેવિગેશન.સંદેશા કે જે સીમાફોર તરીકે ઓળખાય છે તેની તાલીમ, બોટના વિવિધ પ્રકાર તથા બોટ ચલાવવાની કામગીરી અંગેની વોટરમેનશિપ તાલીમ, સશસ્ત્ર પરેડની તાલીમ, સ્વાસ્થ્ય અને આહાર, નેતૃત્વશક્તિ, કુદરતી આપદા સમયે બચાવ કામગીરીની તાલીમ વગેરે અભ્યાસક્રમના પાઠો પણ શીખ્યા હતા.આ ઉપરાંત આર્મી યુનિટની મુલાકાતમાં કેડેટ્સએ વિવિધ મહત્વની જગ્યાઓ નિહાળી હતી. આધુનિક શસ્ત્રોની સમજણ મેળવી હતી અને સશસ્ત્ર દળોના શોર્ય, શિસ્ત અને રાષ્ટ્રપ્રેમના ગુણોને જીવનમાં ઉતાર્યા હતા. શહીદ વીર સ્મારક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી.ખાનગી રિફાઈનરી ની મુલાકાતમાં મોટી ઔદ્યોગિક વસાહતોની કામગીરી અને સલામતી વ્યવસ્થાના વિવિધ પાસા સમજ્યા હતા. કાર્યસ્થળ પર સતર્કતા અને શિસ્તના સમન્વયના પાઠો શીખ્યા હતા.રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે કેડેટસે વિવિધ રમતોમાં ભાગ લઈ જીવનમાં ખેલદિલી, ચપળતા , હકારાત્મકતા, વ્યૂહાત્મક રચના અને ટીમવર્કથી કામગીરીનું કિમતી જ્ઞાન મેળવ્યું હતું.

# રેલનગરમાં મામલતદારે રૂા.૨૪ કરોડની જમીન ખુલ્લી કરાવી

### રાજકોટમાં સરકારી જમીન ઉપર ગુલાબની ખેતી વર્ષોથી થતી હોવા છતાં મામલતદાર કચેરી દબાણકર્તાઓને ન શોધી શકી



**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં પોપટપરા સ્મશાન પાસે ભૂમાફિયાઓ દ્વારા ટાઉન પ્લાનિંગ સ્કીમ અંતર્ગત કલેક્ટર તંત્રને ફાળવવામાં આવેલ અંદાજે ૧૦ એકર જેટલી જમીન પચાવી પાડી સરકારી જમીન ઉપર ગુલાબની ખેતી કરવાનું શરૂ કરી દેતા રાજકોટ શહેર પૂર્વ મામલતદાર કચેરી દ્વારા ઓપરેશન ડિમોલિશન હાથ ધરી અંદાજે ૨૪ કરોડની કિંમતની જમીન દબાણ મુક્ત કરી હતી. જો કે, અહીં લાંબા સમયથી ગુલાબની ખેતી થતી હોવા છતાં મામલતદાર તંત્ર દબાણ કરનાર તત્વોની ઓળખ મેળવી શક્યા ન હતા.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ શહેર પૂર્વ વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નંબર ૬૨૫ પૈકી ટી.પી.૧૯ના એફ.પી. ૨૯/૬માં રેલનગરમાં પોપટપરા સ્મશાન પાસે આવેલ રૂપિયા ૨૪ કરોડથી વધુ કિંમતની અંદાજે ૧૦ એકર એટલે કે, ૪૦ હજાર ચોરસ મીટર સરકારી જમીન ઉપર લાંબા સમયથી ગુલાબની ખેતી કરવામાં આવતી હોવાની ફરિયાદ મળતા સીટી પૂર્વ મામલતદાર દ્વારા અહીં નોટિસ ચિપકાવી દબાણ કરનાર

તત્વોની શોધખોળ કરી હતી પરંતુ કોઈ જ વ્યક્તિ સામે ન આવતા અંતે શુક્રવારે ઈન્ચાર્જ મામલતદાર અજિત જોશી, સર્કલ ઓફીસર સત્યમભાઈ શેરસીયા, તલાટી ધારાબેન વ્યાસે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ત્રણેક ઓરડી અને ગુલાબના વાવેતર ઉપર ઓપરેશન ડિમોલિશનમાં બુલડોઝર ચલાવી જમીન ખુલ્લી કરાવી હતી.

# થોરાળા કા રાજા ગણેશ મહોત્સવનું ગરીમાપૂર્ણ આયોજન




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના થોરાળા વિસ્તારમાં આવેલ ૮૦ ફૂટ રોડ પર ન્યુ સર્વોદય સોસાયટી મેઈન રોડ સત્યમ પાર્કની બાજુમાં થોરાળા કા રાજા ગણેશ મહોત્સવનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન થોરાળા વિસ્તારના રહેવાસી પ્રેમજીભાઇ પરમાર, પ્રકાશભાઇ ચાવડા, નિલેશભાઇ પટેલ, પ્રવિણભાઇ મકવાણા તેમજ અન્ય લત્તાવાસીઓ દ્વારા કરાયું છે. દરરોજ સવારે અને સાંજે ગણપતિ દાદાની આરતી સાથે મોદકની સામગ્રી ધરવામાં આવી રહી છે.

# સિધ્ધિ વિનાયક ધામ કરણપરા કા દાદા ગણેશ મહોત્સવનું ભવ્ય આયોજન





શહેરના કરણપરા વિસ્તારમાં વિલ્સન સ્પોર્ટસ એન્ડ સોશ્યલ ગ્રુપ (ભગતગ્રુપ) દ્વારા કરણપરા કા દાદા ગણપતિ મહોત્સવનું તા.૨૭ થી આગામી તા.૬ સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સિધ્ધિ વિનાયક ધામ ખાતે દરરોજ રાત્રે ૮ કલાકે મહાઆરતી તેમજ રાત્રીના ૯:૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. આ ગણેશ મહોત્સવમાં ગઇકાલે અતિથિ તરીકે પૂર્વ ભાજપ પ્રમુખ કમલેશભાઇ મીરાણી તેમજ નગરપાલિકા પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન પુજારાભાઇ ઉપસ્થિત રહી દાદાની આરતી કરી હતી. આ આયોજનને સફળ બનાવવા પ્રમુખ રણજીતભાઇ ચાવડીયા, વિશાલભાઇ માંડલીયા, દિપકભાઇ ભટ્ટ તેમજ નિલેશભાઇ ચાવડીયા સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

# ઓનલાઈન પ્રક્રિયામાં ૧૦ દિવસ વધુ ફાઈલ પેન્ડિંગમાં કર્મચારીને નોટીસ મળશે

નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા પરવાનાની કામગીરીને ઝડપી અને પારદર્શક બનાવવા હવે તમામ પરવાના અરજી ઓનલાઈન થનાર છે જેમાં પોર્ટલની મદદથી અરજીઓનું સતત મોનિટરીંગ થશે. કલર કોડિંગ સિસ્ટમની વિચારણા વિભાગ ફાઈલોના નિકાલને વધુ ઝડપી બનાવવા માટે કલર કોડિંગ સિસ્ટમ દાખલ કરવાનું વિચારી રહી છે. એટલે કે જો ફાઈલ ૫ દિવસ સુધી પેન્ડિંગ હશે તો લીલા રંગ બતાવશે. જો ફાઈલ ૫ દિવસથી વધુ સમયથી પેન્ડિંગ હશે તો ત્યાં લાલ રંગ બતાવશે, જે સંભવિત વિલંબનો સંકેત આપશે. આ સિસ્ટમનો સૌથી મહત્વનો ભાગ એ છે કે જો કોઈ ફાઈલ ૧૦ દિવસથી વધુ સમયથી પેન્ડિંગ હશે, તો સંબંધીત કર્મચારી સામે આપોઆપ શોકોઝ નોટિસ જનરેટ થઈ જશે. ડિસેમ્બર સુધીમાં તમામ અરજી પ્રક્રિયા ઓનલાઈન કરી દેવાશે.

# જામનગરમાં મનપા દ્વારા મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય, અટકાવવાના ભાગરૂપે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં મનપાના આરોગ્ય તંત્ર દ્વારા મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય,અટકાવવાના ભાગરૂપે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે જેમાં સાપ્તાહિક ધોરણે સરેરાશ ૬૫,૦૦૦ ઘરોની આરોગ્ય ટીમો દ્વારા મુલાકાત લઇ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.શહેરીજનોએ પણ રોગના નિયંત્રણ માટે સહયોગ આપવા મનપા તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.મનપાના આરોગ્ય ટીમો દ્વારા શહેરમાં મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત શહેરમાં સાપ્તાહિક ધોરણે ૬૫ હજાર જેટલા ઘરોની આરોગ્ય ટુકડીઓ દ્વારા મુલાકાત લેવામાં આવે છે જે સાથે સંબંધિત ઘરોમાં તાવના કેસોની તપાસ, પાણીના પાત્રોની ચકાસણી, મચ્છરોના પોરા જોવા મળે તો તેનો નાશ કરવા સાથે મચ્છરજન્ય રોગોની બચવા આરોગ્ય શિક્ષણ સહિત તમામ કામગીરી હાથ ધરવામાં આવી છે. જે સાથે કોઇ પોઝીટીવ કેસ નોંધાય ત્યારે ત્વરીત ધોરણે ફીવર સર્વેલન્સ, એન્ટી લાર્વલ કામગીરી ફોગીગ સહિતની સઘન કામગીરી સાથે આરોગ્ય શિક્ષણ પણ પુરૂ પાડવામાં આવ્યુ હતુ.આ સાથે મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે આરોગ્યલક્ષી કામગીરી સાથે શહેરીજનોએ પણ સહકાર આપવા માટે મનપા તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

# ૨.૬૫ કરોડની છેતરપિંડીનો ભોગ બનેલા જમીન મકાનના ધંધાર્થીનો આપઘાત પ્રયાસ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર રહેતા ૪૦ વર્ષી ય જમીન મકાનના ધંધાર્થી સાથે થયેલી ૨.૬૫ કરોડની છેતરપિડીના બનાવમાં એક મહિના કરતા વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ પોલીસે આરોપીને ન પકડતાં યુવકે ફિનાઈલ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો

આ અંગેની મળતી માહિતી મુજબ, કોઠારીયા સોલવંટમાં રહેતા દિનેશભાઈ ઠાકરશીભાઈ કુંજડિયા (ઉ.વ. ૪૦)એ રેસ્કોર્સ ગાર્ડન નજીક પોતાની કારમાં જ ફિનાઈલ ગટગટાવી લીધી હતી. જે બાદ તેઓને ઉલટી થતા રાહદારીઓ દ્વારા તુરંત જ ૧૦૮ બોલાવી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.અહીં દિનેશભાઈ જણાવ્યું હતું કે, લાતી પ્લોટ વિસ્તારની જમીનના સોદાના બહાને દેવલ શાહ અને જે.બી. શાહ દ્વારા તેમની સાથે ૨.૬૫ કરોડની છેતરપિંડી કરવામાં આવી હતી. આ અંગે યુનિવર્સિટી પોલીસમાં ગુનો નોંધાવ્યો હતો જે બાદ આરોપીઓએ આગોતરા જામીન અરજી કરી હતી જે કોર્ટે ફગાવી દીધી હતી તેમ છતાં પોલીસ દ્વારા આરોપીઓ વિરુદ્ધ કોઈ કાર્યવાહી ન કરતા હતાશામાં સરી પડયા હતા અને પોતાની જિદગી ટૂંકાવી દેવાનું નક્કી કર્યું હતું. યુવકની તબિયત સ્થિર હોવાનું સામે આવ્યું હતું.

# ગુજરાત - સૌરાષ્ટ્રનાં ૧૭ જિલ્લામાં ભારે વરસાદની આગાહી



**મુખ્ય સમાચાર રાજકોટ**

ગુજરાતના હવામાનની આગાહીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જેમાં ૧૭ જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. અપર અર સાઈક્લોનિક સર્ક્યુલેશનની અસરથી રાજ્યના લગભગ તમામ જિલ્લાઓમાં પણ છૂટોછવાયો વરસાદ થવાની આગાહી છે.

ગુજરાત પર વરસાદી સિસ્ટમની અસર દેખાઈ રહી છે, હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહીમાં આગામી અઠવાડિયા સુધી વરસાદ યથાવત રહેવાની વાત જણાવી છે. અસર એર સાઈક્લોનિક સર્ક્યુલેશન અને મોનસૂન ટ્રફની અસરથી રાજ્યમાં ભારેથી અતિભારે ભારે વરસાદ વરસી પડવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

ગુજરાતના લગભગ તમામ જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ રહેવાની સંભાવનાઓ છે, જેમાં કેટલાક સ્થળો પર ભારેથી વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. યલો એલર્ટ સાથે કરાયેલી આગાહીમાં ગુજરાત રિજન અને સૌરાષ્ટ્ર-કચ્છના ભાગોમાં વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

સાબરકાંઠા, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ તથા દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. આ સિવાય રાજ્યમાં થંડરસ્ટોર્મ અને વીજળીના કડાકા ભડાકા થવાની પણ આગાહી કરવામાં આવી છે. વરસાદની જે સિસ્ટમ બની છે તેની અસર રાજ્યમાં જોવા મળી રહી છે.

થંડરસ્ટોર્મ એક્ટિવિટી સાથે વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે તેમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર તથા દક્ષિણ ભાગના નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડનો સમાવેશ થાય છે.

જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવનો સમાવેશ થાય છે.

આગામી દિવસોમાં રાજ્યમાં વરસાદનું જોર ઘટતું જશે, પરંતુ ૩ અને ૪ સપ્ટેમ્બરે વરસાદની તિવ્રતામાં વધારો થવાની શક્યતાઓ જોવાઈ રહી છે. જેમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવનાઓ છે.

# જામનગર શહેરના મહિલા પોલીસ સ્ટેશનની સી ટીમની માનવતા ભરી પહેલ





### બેડેશ્વર વિસ્તારના એક નિરાધાર વૃદ્ધ મહિલાના ઘેર પહોંચી જરૂરી ખાદ્ય સામગ્રી પુરી પાડી પરિવારજનોનો અહેસાસ કરાવ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાનું પોલીસ તંત્ર સુરક્ષા વ્યવસ્થા માટે સુસજ્જ બનેલું તો છે જ, સાથે સાથે માનવતા ભર્યા કાર્યો પણ કરે છે, અને નિરાધાર લોકોને સધિયારો આપવાનું પણ મહત્વનું કાર્ય કરીને તેની જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવામાં મદદરૂપ બને છે.આવો જ એક કિસ્સો જામનગરના બેડેશ્વર વિસ્તારમાં બન્યો, ત્યારે વૃદ્ધ નિરાધાર મહિલાએ હર્ષના આંસુ વહેવડાવી અને તમામ પોલીસ સ્ટાફને આવકાર આપી અને આભાર વ્યક્ત કર્યો હતો.

બેડી- ધરાનગર વિસ્તારમાં રહેતા એક વૃદ્ધ મહિલા, કે જેઓના પરિવારમાં કમાવવા વાળી કોઈ વ્યક્તિ નથી, જ્યારે તેમના દીકરી પણ કેન્સરની બીમારીના કારણે મૃત્યુ પામ્યા છે, અને હાલ તેઓ એકલા રહે છે.જામનગરની મહિલા પોલીસ સ્ટેશનની સી ટીમને તે અંગેની જાણકારી મળી હોવાથી મહિલા પોલીસ સ્ટેશનના પી.આઇ પટેલ તેમજ તેઓની સમગ્ર ટીમ જરૂરી અનાજ કરીયાણા સહિતની ખાદ્ય સામગ્રી વગેરે પોતાની સાથે લઈને વૃદ્ધ મહિલાના ઘેર ગયા હતા, અને તેઓની સાથે વાતચીત કર્યા બાદ તેમને તમામ જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ પૂરી પાડી હતી. અને પોલીસ વિભાગ એ તમારો જ પરિવાર છે, તેમ કહીને સાંત્વના આપી હતી.આ સમયે વૃદ્ધ મહિલા, કે જેઓએ હર્ષના આંશુ વહેડાવ્યા હતા, અને તમામ પોલીસ કર્મચારીઓને શુભકામનાઓ પાઠવી હતી. આ વેળાએ ખૂબ જ ભાવનાત્મક દ્રશ્યો જોવા મળ્યા હતા.

# નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારી પાસે રૂપિયા ૫૦૦૦૦ નો હપ્તો માગનાર કથિત પત્રકારની ધરપકડ

### ખંડણી આપવાનો ઈનકાર કરતા આરટીઆઈને 'હથિયાર' બનાવી રઝળતાં કરી દેવાની ધમકી આપતાં ક્રાઈમ બ્રાન્ચે કથીત પત્રકારને દબોચી લીધોઃ કરણપરા-૨૭માં ઈવનિંગ પોસ્ટ નામે પ્રેસ ચલાવતા રાજેશ હિંગોળે નેશનલ હાઈ-વે ઓથોરિટીના અધિકારીને કહ્યું, દર મહિને ૫૦,૦૦૦ હપ્તો આપવો જ પડશે

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટમાં એક અખબારના તંત્રીએ નેશનલ હાઈ-વે ઓથોરિટીના અધિકારીને દબડાવી , રૂપિયા દર મહિને હપ્તો માંગતા ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાઈ હતી જેના આધારે પોલીસે તંત્રીને દબોચી તેને જ 'સમાચારો'માં ચમકાવી દીધો હતો !

આ અંગે કાશી વિશ્વનાથ પ્લોટ પાસે જજીસ બંગ્લોઝની સામે આવેલા રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગમાં ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતાં ઈમ્તિયાઝ મુસ્તકીમ ખાન (ઉ.વ.૩૯)એ કેનાલ રોડ પર કરણપરા-૨૭માં ઈવનિંગ પોસ્ટ નામે પ્રિન્ટ લાવેલ અને ડિઝિટલ મીડિયાનું સંચાલન કરતા રાજેશ વ્રજલાલભાઈ હિંગોળ સામે ફરિયાદ નોંધાવતાં જણાવ્યું કે ગત તા.૧૫ માર્ચે રાજેશે તેમની પાસે આવીને કહ્યું હતું કે હું તમારી વિભાગીય કચેરીના વહીવટ બાબતે આવ્યો છું. તમારી પેટા વિભાગીય કચેરીના ૧૦,૦૦૦ પેટે કુલ ૫૦,૦૦૦ રૂપિયાની રકમ મારે હપ્તા તરીકે જોઈએ છે.જો કે આ રકમ આપવાનો ઈનકાર કરતા રાજેશે કહ્યું હતું કે આ



ખુરશી ઉપર જે પણ અધિકારી આવ્યા છે તેમણે મને અત્યાર સુધી હપ્તો આપ્યો જ છે એટલા માટે તમારે પણ આપવો જ પડશે. એકંદરે માર્ચથી લઈ જૂલાઈ સુધી રાજેશે વારંવાર કચેરીએ જઈ ઈમ્તિયાઝ ખાન પાસે પૈસાની માંગણી કર્યે રાખી હતી પરંતુ તેને પૈસા આપવાનો ઈનકાર કરાતા જ આરટીઆઈ કરીને અધિકારીને રસ્તે રઝળતાં કરી દેવાની ધમકી આપતાં આખરે તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ નોંધાતા જ ક્રાઈમ બ્રાન્ચે રાજેશ હિંગોળની તેના પરેથી ધરપકડ કરી હતી.

# નવાગામમાં ૧૫ વર્ષના તરુણનું ઊલટી બાદ મોતઃ હાર્ટએટેકની આશંકા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના નવાગામ વિસ્તારમાં રહેતો ૧૫ વર્ષીય તરુણને વહેલી સવારે અચાનક ઉલ્ટી થયા બાદ બેભાન થઈ ઢળી પડતાં તેને તુરંત જ સારવાર હેઠળ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તરુણને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં હાર્ટ એટેકને કારણે મોત થયું હોવાનું અનુમાન છે, પરંતુ ચોક્કસ કારણ પીએમ રિપોર્ટ બાદ જ સામે આવશે

આ અંગેની મળતી વિગતો મુજબ નવાગામમાં જુના કુવાડવા રોડ પોલીસ સ્ટેશન પાછળ ઓરડીમાં પિતરાઈ ભાઈ સાથે રહેતો અને મૂળ ઉત્તરપ્રદેશનો વતની ૧૫ વર્ષીય તરુણ ગોવિંદા મનોજ રાજભર વહેલી સવારે ચાર વાગ્યા આસપાસ તે પાણી પીવા માટે ઉઠ્યો હતો. ત્યારબાદ તેને અચાનક ઉલ્ટી થઈ અને તે બેભાન થઈ જતાં પિતરાઈ ભાઈ સંતોષે તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો પરંતુ અહીં ઈમરજન્સી વિભાગના તબીબે તરુણને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે જાણ થતા બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી વધુમાં મૃતક ગોવિંદ ૪ ઓગસ્ટના રોજ રાજકોટ આવ્યો હતો અને સંતોષભાઈ સાથે કારખાનાની ઓરડીમાં જ રહેતો હતો. ત્યારે તરુણનું મોત હાર્ટ એટેકથી થયું હોવાની આશંકા સેવાઈ રહી છે. જો કે મોતનું ચોક્કસ કારણ પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ સામે આવશે.

### ''નેશનલ સ્પોર્ટ્સ ડે''ની ઉજવણી અંતર્ગત

# રાજકોટ મનપા દ્વારા જિલ્લા વહીવટી તંત્ર અને રાજકોટ શહેર પોલીસના સંયુક્ત ઉપક્રમે કાલે ''સન્ડે ઓન સાયકલ''નું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા દ્વારા સંયુક્ત યાદીમાં જણાવે છે કે, રમતગમત આપણા જીવનનો એક અભિન્ન ભાગ છે. જે આપણા શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારી માટે અસંખ્ય લાભો પ્રદાન કરે છે. સમગ્ર દેશમાં હોકીના ખ્યાતનામ ખેલાડી ''મેજર ધ્યાનચંદ''ના જન્મદિવસ તા.૨૯મી ઓગસ્ટને રાષ્ટ્રીય રમતની ટીમો અને દેશની રમત પરંપરાઓનું સન્માન કરવા માટે ''નેશનલ સ્પોર્ટ્સ ડે'' તરીકે ઉજવવામાં આવે છે. આ ''નેશનલ સ્પોર્ટ્સ ડે''ની ઉજવણી અંતર્ગત ''ધ ફીટ ઈન્ડિયા મુવમેન્ટ'', ''સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત મુક્ત ગુજરાત'' અને ''સ્પોર્ટ્સ અવેરનેસ સેલીબ્રેશન-૨૦૨૫'' અભિયાન હેઠળ રાજકોટ મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને રાજકોટ શહેર પોલીસના સંયુક્ત ઉપક્રમે ''સન્ડે ઓન સાયકલ'' કાર્યક્રમનું આવતીકાલ તા૩૧-૦૮-૨૦૨૫ને રવિવારે સવારે ૬ કલાકે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે,બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ રીંગ રોડ, રાજકોટ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું ફ્લેગ ઓફ બાન લેબ્સના ચેરમેન અગ્રણી ઉદ્યોગપતિ મૌલેશભાઈ ઉકાણીના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે.

# બજેટમાં મંજુર થયેલ કામો અંગે રાજકોટ મનપાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજતા સ્ટે. ચેરમેન જયમીન ઠાકર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ સ્ટે.કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ. આ બજેટના અનુસંધાને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા આજરોજ તમામ લગત શાખાધિકારીશ્રીઓ સાથે બજેટની અમલવારીના સ્ટેટસ રીવ્યુ અંગે મીટીંગ કરવામાં આવેલ. આ મિટીંગમાં તમામ નાયબ કમિશનર, સીટી એન્જીનીયરઓ, તથા લગત અધિકારીઓ સાથે બજેટમાં મંજૂર થયેલ તથા બજેટમાં સૂચવેલા કામો હાલ કયા તબક્કે છે, તથા કયા કામો કઈ સમય મર્યાદામાં પૂર્ણ થશે, જે અંગે સ્ટે કમિટી ચેરમેન દ્વારા વિસ્તૃત માહિતી મેળવવામાં આવી હતી.

આ બેઠકમાં નાયબ કમિશનરઓ, મ્યુનિ.સેક્રેટરી, સીટી એન્જીનીયરઓ, ચીફ એકાઉન્ટન્ટ, આસી.કમિશનર, ડેપ્યુટી એન્જીનીયરઓ, પી.એસ. ટુ ચેરમેન, લગત મેનેજરઓ તથા સંલગ્ન વિભાગના શાખા અધિકારીઓ, આરોગ્ય અધિકારી, પર્યાવરણ ઈજનેર, ડાયરેક્ટર પાર્ક એન્ડ ગાર્ડન, વેટરનરી ઓફિસર, સહિતના અધિકારીઓએ હાજર રહી બજેટ યોજનાના અમલીકરણ સંદર્ભે વિસ્તૃત માહિતી રજુ કરેલ હતી.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર દ્વારા આવનારા દિવસોમાં પણ બજેટમાં મંજૂર થયેલ કામોની સમીક્ષા તથા બજેટમાં ઉમેરવામાં આવેલ નવી યોજનાઓનું સમયબધ્ધ અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવા માટે લગત અધિકારીઓ સાથે બજેટ યોજના અન્વયે કરેલ કામગીરી અંગે સમયાંતરે બેઠક કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે રાજકોટ-લાલકુઆં સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા (વિશેષ ભાડા પર) લંબાવવામાં આવ્યા છે. તેની વિગતો નીચે મુજબ છે

ટ્રેન સંખ્યા ૦૫૦૪૬/૦૫૦૪૫ રાજકોટ-લાલકુઆં ફેસ્ટિવલ સ્પેશિયલ (સાપ્તાહિક) ૬-૬ ફેરા

ટ્રેન સંખ્યા ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સ્પેશિયલને ૮ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ અને ત્યારબાદ આગળ ૧૩ ઑક્ટોબરથી ૩ નવેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. એ જ રીતે, ટ્રેન સંખ્યા ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સ્પેશિયલને ૭ સપ્ટેમ્બરથી ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ અને ત્યારબાદ આગળ ૧૨ ઑક્ટોબરથી ૨ નવેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન સંખ્યા ૦૫૦૪૬ ના લંબાવવામાં આવેલા ફેરા માટેનું બુકિંગ ૩૧ ઑગસ્ટ, ૨૦૨૫ થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઇટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કોચની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ઉત્તર પૂર્વ રેલવેમાં બ્લોકના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોરખપુર-ડોમિનગઢ સ્ટેશનો વચ્ચે થર્ડ લાઇનના કામ અને ગોરખપુર-નકાહા જંગલ સ્ટેશનો વચ્ચે ડબલિંગના કામ માટે ઉત્તર પૂર્વ રેલવે પર ૨૨ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી બ્લોક લેવામાં આવશે. આ કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો રદ, આંશિક રીતે રદ અને પરિવર્તિત માર્ગે દોડશે. પ્રભાવિત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

રદ થનારી ટ્રેનોઃ (૧) ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર એક્સપ્રેસ રદ રહેશે. (૨) ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૫૦૪૫ ગોરખપુર-ઓખા એક્સપ્રેસ રદ રહેશે.

શોર્ટ ટર્મિનેટ (આંશિક રીતે રદ) થનારી ટ્રેનોઃ (૧) ટ્રેન સંખ્યા ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ખલીલાબાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. તેથી, આ ટ્રેન ખલીલાબાદ અને ગોરખપુર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

પરિવર્તિત માર્ગે ચાલનારી ટ્રેનોઃ (૧) ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૨૬૯ પોરબંદર--મુઝફ્ફરપુર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા લખનઉ જં.-સુલતાન પુર-વારાણસી- ઔડિહાર- છપરા-મુઝફ્ફરપુર સ્ટેશનના રસ્તે દોડશે.

# રાજકોટ ખાતે ત્રિદિવસીય "નેશનલ સ્પોર્ટ્સ ડે"ની ઉજવણીનો પ્રારંભ

## મેયર, સાંસદ સભ્ય તેમજ ધારાસભ્યની ઉપસ્થિતિમાં મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ ખાતે ખેલાડીઓનું સન્માન, ફિટ ઈન્ડિયા શપથ, હોકી મેચનો પ્રારંભ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે તા.૨૯ થી ૩૧ ઓગસ્ટ સુધી ''નેશનલ સ્પોર્ટ્સ ડે''ની ઉજવણી કરવામાં આવી રહી છે.

જે અંતર્ગત આજરોજ રાજકોટમાં મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ-રેસકોર્સ ખાતે મેયર નયનાબેન પેઢડીયા, સંસદ સભ્યો સર્વે પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરિયા, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત કાર્યક્રમમાં સાંસદ તેમજ ધારાસભ્ય સહિતના મહાનુભાવોની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં હોકી ગ્રાઉન્ડ ખાતે હોકીની મેચનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સાથોસાથ ઉપસ્થિત વિદ્યાર્થીઓ તેમજ ખેલાડીઓએ ફીટ ઈન્ડિયાના શપથ લીધા હતાં. આ સાથે રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરનારા ખેલાડીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'નેશનલ સ્પોર્ટ્સ ડે' નિમિત્તે આજે પોલીસ હેડ ક્વાર્ટર ખાતે વોલીબોલ તથા રસ્સા ખેંચની સ્પર્ધા રાખવામાં આવશે. જેમાં પોલીસ વિભાગ, કોર્પોરેશન વિભાગ, જિલ્લા પંચાયત તથા કલેક્ટર કચેરીની પુરુષ ટીમ અને મહિલા ટીમ એમ ચાર-ચાર ટીમો વચ્ચે સ્પર્ધા થશે. જ્યારે તા. ૩૧મી ઓગસ્ટે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અને મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન અન્વયે રાજકોટ મહાનગર તથા નગરપાલિકા કક્ષાએ સાયકલ ઓન સન્ડેનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે કલેકટર ડો. ઓમપ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, રિજનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ મહેશ જાની, નાયબ મ્યુનિસિપલ કમિશનર હર્ષદ પટેલ, જિલ્લા રમત વિકાસ અધિકારી રમાબેન મદ્રા, વિવિધ રમતના કોચ સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને રમતવીરો ઉપસ્થિત રહ્યાં હતા.

# ભૂજમાં કોલેજિયન યુવતીનું ગળું કાપી પડોશી શખ્સે હત્યા નીપજાવી

## યુવકને બ્લોક કરી દઇ મારે તારી સાથે કોઈ સંબંધ નથી રાખવો તેવું યુવતીએ કહેતા તેના ગળે છરી ફેરવી દીધી



**મુખ્ય સમાચાર, ભૂજ**

ભૂજના એરપોર્ટ રીંગરોડ નજીક સંસ્કાર સ્કૂલ એન્ડ કોલેજ સંકુલની બહારના ભાગે કોલેજિયન યુવતી હોસ્ટેલ જવા નિકળી હતી ત્યારે બાઈક પર ગાંધીધામનો શખ્સ ધસી આવ્યો હતો અને તેણે યુવતીને અટકાવી કહ્યુ હતું કે, તે મને શું કામબ્લોક કર્યો છે જેથી યુવતીએ તારી સાથે મારે કોઈ સબંધ રાખવો નથી. તેવુ કહેતાની સાથે જ ઉશ્કેરાયેલ શખ્સે યુવતીનું ગળુ કાપી હત્યા નિપજાવી હતી. આ મામલે પોલીસે હત્યારાને ઝડપી લીધો છે.

સમગ્ર ઘટનાને વિગતવાર જોઈએ તો ભુજ શહેરની ભાગોળે આવેલા એરપોર્ટ રિંગ રોડ નજીક સંસ્કાર સ્કૂલ એન્ડ કોલેજના સંકુલ બહાર સાક્ષી ખાનિયા નામની યુવતી હોસ્ટેલ જવા નીકળી હતી. એ દરમિયાન ગાંધીધામના શખસ મોહિત મૂળજી સિદ્ધપરા તેના મિત્ર સાથે બાઇક પર પહોંચ્યો હતો અને યુવતીને મળ્યો હતો, જ્યાં તેણે યુવતીને કહ્યું હતું કે તે મને શું કામ બ્લોક કરી દીધો છે, જેના પ્રત્યુત્તરમાં યુવતીએ કહ્યું હતું કે મારે તારી સાથે કોઈપણ વ્યવહાર કે સંબંધ રાખવા નથી. આમ સાંભળતાં જ યુવક ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાની પાસે રહેલી છરી બહાર કાઢી યુવતીના ગળા ઉપર ઝીંકી દીધી હતી.

આ દશ્ય જોઈ તેના મિત્રએ વચ્ચે પડી છોડાવવાની કોશિશ કરતાં ક્રોધમાં રહેલા આરોપીએ મિત્રને પણ પીઠના ભાગે છરી મારી દીધી હતી. બન્ને જણાને ઈજા પહોંચાડી લોહીલુહાણ કરી દેતાં યુવક બાઈક મૂકી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. બનાવ સમયેબીએક રાહદારીએ કોલેજ અંદર પહોંચી બનાવની વાત કરી હતી. એના પગલે સંચાલકો દોડી આવ્યા હતા અને બન્ને ઘાયલોને હોસ્પિટલમાં ખસેડયાં હતાં. યુવક અને યુવતીનાં ઘરો ગાંધીધામ ભારતનગરમાં આસપાસ હોવાથી બન્નેના સંબંધ વિશે પણ તપાસ ચાલી રહી છે.

શિક્ષણ સાથે સમાજ જીવનને ચિંતામાં મૂકનારી આ ઘટનામાં ઘાયલ યુવતીને શાળા સંચાલકો દ્વારા ખાનગી વાહન મારફત તાત્કાલિક ભુજની જીકે જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં નિષ્ણાત તબીબો દ્વારા તેની સારવાર ચાલી રહી હતી. દરમિયાન આજે સવારે યુવતીએ હોસ્પિટલના બિછાને અંતિમ શ્વાસ લીધા હતા. હુમલાના બનાવમાં હવે ભુજ એ ડિવિઝન પોલીસે હત્યાના ગુના હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરી છે. દરમિયાન હુમલો કરનાર આરોપીને પોલીસે ભુજ વિસ્તારમાંથી જ મોડીરાત્રે ઝડપી લીધો હતો. આરોપી સામે હત્યાની કલમનો ઉમેરો કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### રાજકોટ શહેરમાં મેજર ધ્યાનચંદના નામને સાર્થક કરતું હોકીનું ટર્ફ મેદાન

# નિઃશુલ્ક કોચિંગ મેળવી ૩૮ દીકરીઓએ નેશનલ લેવલ સુધી હીર ઝળકાવ્યું

## ગુજરાતના પ્રથમ મહિલા અમ્પાયર ઋતુ ધીંગાણી ગુજરાત ટીમના કેપ્ટન રહી ચૂક્યા છેઃ બંસરી સોલંકી ભારતીય મહિલા ટીમમાં ગોલ કીપર તરીકે સેવા આપે છે






**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર ગુજરાતમાં આજથી હોકીનાં જાદુગર ગણાતાં ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતિની ત્રિ-દિવસીય શાનદાર ઉજવણીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. મેજર ધ્યાનચંદના સમયે હોકી ઓલિમ્પિકમાં ભારતનો સુવર્ણકાળ હતો. આ વારસાને આગળ ધપાવવા ભારતીય હોકી ખેલાડીઓ અવિરત પ્રગતિ કરી રહ્યા છે, જેમાં રાજકોટ પણ પાછળ નથી.

રાજકોટમાં મેજર ધ્યાનચંદના નામને સાર્થક કરતું હોકી ટર્ફ મેદાન ખાતે નિઃશુલ્ક કોચિંગ આપવામાં આવે છે. જેની ફલશ્રુતિરૂપે અનેક દીકરીઓને ભારતનું નામ રોશન કરવાની તક મળી રહી છે. હાલ રાજકોટ ખાતે કોચિંગ મેળવતી ૩૮ જેટલી દીકરીઓ નેશનલ લેવલ સુધી હોકીમાં ભાગ લઇ ચૂકી હોવાનું કોચ મહેશ દિવેચા જણાવે છે. આ ટર્ફ મેદાન હોકી રમતવીરોનું પ્રિય છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્સમાં તૈયાર કરાયેલા આ મેદાનમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની અનેક સ્પર્ધાઓ રમવામાં આવે છે. આ મેદાને વર્ષ ૨૦૨૨માં નેશનલ હોકી સ્પર્ધાની યજમાની કરી છે. ત્યારે આ ગ્રાઉન્ડ પર છેલ્લા ૨૫ વર્ષથી કોચિંગ આપતા હોકી ગુજરાતના વાઇસ પ્રેસિડન્ટ અને કોચ મહેશ દિવેચા ખેલાડીઓને સતત માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે.

મહેશભાઈ મહિલા ખેલાડીઓની સફળતા અંગે ખુશી વ્યક્ત કરતા જણાવે છે કે, રાજકોટનાં ઋતુ ધીંગાણી ગુજરાત ટીમનાં કેપ્ટન રહી ચુક્યા છે. જ્યારે ભારતીય મહિલા હોકી ટીમમાં ગોલ કીપર તરીકે રમતા બંસરી સોલંકીએ રાજકોટમાં જ કોચિંગ મેળવેલું છે. તો દેવિકા વાઘેલા પણ હોકી નેશનલ કેમ્પમાં ભાગ લઈ ચૂક્યા છે.

હોકી પ્લેયર ઋતુ ધીંગાણી તેની સફળતાનો શ્રેય રાજકોટમાં હોકી મેદાન ખાતે મેળવેલા કોચિંગ અને તેનાં કોચને આપતા જણાવે છે કે, હું ૧૦ થી વધુ વખત ગુજરાત ટીમ વતી નેશનલ રમી ચૂકી છું તથા ગુજરાતની પહેલી હોકી પ્રશિક્ષિત નેશનલ મહિલા અમ્પાયર છું. જ્યારે ગુજરાત હોકી ફેડરેશનમાં કમિટી મેમ્બર બનવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા રમત-ગમત ક્ષેત્રનાં વિકાસ માટે અવિરત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે જેનાં ભાગરૂપે જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ પણ રમતગમતનાં મેદાનો, ઈન્ડોર સ્ટેડિયમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, ત્યારે રાજકોટ ખાતે હોકી માટે શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે નિઃશુલ્ક કોચિંગ પણ મળી રહેતા સામાન્ય પરિવારની દીકરીઓ રમતગમત ક્ષેત્રે દેશનું નામ રોશન કરવા તરફ સતત આગળ વધી રહી છે.

# મંત્રી ભાનુબહેન બાબરીયાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે દીકરીઓના પુનઃ શાળા પ્રવેશનો કાર્યક્રમ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી ભાનુબહેન બાબરિયાના અધ્યક્ષ સ્થાને તા.૩૦/૦૮/૨૦૨૫ના રોજ સવારે ૦૯.૩૦ કલાકે કલેક્ટર કચેરી ખાતે રાજકોટ જિલ્લાની ડ્રોપ આઉટ દીકરીઓનો શાળામાં પુનઃ પ્રવેશનો કાર્યક્રમ યોજાશે. જે અંતર્ગત રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા નવતર પહેલના ભાગરૂપે ''નવી દિશા - દીકરી આગળ વધો''ના સંકલ્પ સાથે પૂર્ણા યોજના હેઠળ જિલ્લાની શાળા છોડેલી ૧૦૫ દીકરીઓને શાળા / આઈ.ટી.આઈ.માં પુનઃ પ્રવેશ કરાવી તેમને ઉજ્જવળ ભવિષ્ય નિર્માણ તરફ આગળ વધવા પ્રેરણા આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં સંબધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહેશે.

# ચોટીલાના સાંગાણી ગામ નજીક બાઈક સ્લીપ થતા બે યુવાનના મોત

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના સાંગાણી ગામ નજીક બાઇક સ્લીપ બે યુવકોના મોત નીપજવા પામ્યા છે.

આ અંગેની માહિતી મુજબ ચોટીલા થી સાંગાણી તરફ બે મિત્રો બાઈક ઉપર જઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક બાઈકની બ્રેક લાગી જતા બાઇક સ્લીપ થઈ જવા પામ્યું હતું.

બાઈક સ્લીપ થઈ જતા સામે સામે ડીવાઈન્ડર સાથે બાઈક અથડાયું હતું જેને લઇ ઘટના સ્થળે એક યુવકનું મોત નીપજવા પામ્યું હતું જેમાં રોશન મકવાણા નામનો યુવક ઘટના સ્થળે મોતને ભેટયો હતો ત્યારે ઓમ દેવરાજ ઓળકિયા નામના યુવકને ગંભીર ઇજાવો થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યું હતું પરંતુ ત્યાં તેનું પણ મોત નીપજવા પામ્યો છે જેને લઈને પરિવાર ઉપર પણ આફત તૂટી પડી છે અને પરિવાર પણ શોક મગ્ન બની જવા પામ્યો છે.

ઓમ દેવરાજભાઈ ઓળકીયા (ઉંમર વર્ષ ૧૭ રહે. ચોટીલા, પરમેશ્વર સોસાયટી) સાંજના સમયે પોતે સાંગાણી ગામ પાસેથી ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યો હતો. જેને સારવાર માટે પ્રથમ ચોટીલા સરકારી હોસ્પિટલમાં બેભાન હાલતમાં ખસેડવામાં આવ્યો હતો. જે બાત તેને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ઈમરજન્સી વિભાગમાં ડોક્ટરે તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો.

ઘટનાને લઇ ચોટીલા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે છેલ્લે ૨૪ કલાકમાં સુરેન્દ્રનગર જિલ્લામાં અલગ અલગ અકસ્માતોમાં ચાર લોકોના મોત નીપજવા પામ્યા છે ત્યારે વધુ એક અકસ્માતમાં બે મિત્રોના જીવ ગયા છે ત્યારે પરિવાર અને ખાસ કરી પોલીસ ઘટના સ્થળે દોડી જઇ વધુ તપાસ હાથ ધરી છે અને પીએમ માટે મૃતદેહને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

# મોરબીના લાલપર ગામે સિરામિક ફેક્ટરીમાં યુવકનો ગળેફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના લાલપર ગામની સીમમાં આવેલ સોરીસો સિરામિક ફેક્ટરીમાં એક યુવકે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. ઘટનાને પગલે પોલીસે અ. મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી તાલુકા પોલીસ મથકમાંથી પ્રાપ્ત માહિતી મુજબ તા. ૨૮/૦૮ના રોજ રાત્રે લાલપર ગામની સીમમાં આવેલી સોરીસો સિરામિક ફિક્ટરીમાં રાજકુમાર રાજારામ જયસ્વાલ ઉવ. ૩૫એ કોઈ અકળ કારણસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ત્યારે મૃતદેહને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા, જે અંગે ફરજ ઉપરના ડોક્ટરે પોલીસને જાણ કરતા તાલુકા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. હાલ મૃત્યુના બનાવ અંગે પોલીસે અ.મોત દાખલ કરીને વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# રૂ. ૧૭.૮૩ કરોડના ખર્ચે સનેશ ખાતે નવનિર્માણ પામશે ડેમ

## સિંચાઈ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા અપાઈ વહીવટી મંજૂરીઃ ટૂંક સમયમાં કામગીરી શરુ થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોજે ગામ. સનેસ તા.ભાવનગર જી.ભાવનગર માંથી પસાર થતી કેરી નદીમાં વલ્લભીપુર બ્રાન્ચ કેનાલનો એન્ડ પોઈન્ટ ભળે છે. આ કેનાલ દ્વારા વધારાનુ નર્મદાનુ પાણી કેરી નદીમાં છોડવુ પડે છે. આ નર્મદાનુ પાણી કેરી નદી માંથી વહીને સમુદ્રમાં ભળી જાય છે. જે પાણીને અટકાવવા સનેસ ગામના સરકારી ખરાબામાં નદીના વહેણની બાજુમા આવેલ સરકારી પડતરમાં તળાવનું નિર્માણ કરવામાં આવે તો આ વ્યય થતા મીઠા પાણીનો સદ્દુપયોગ થાય અને આ વિસ્તારના ખેડુતોને ખેતીમાં ખુબ જ ફાયદો થાય તેમ હોય જે મુજબ સરકારી પડતર જમીનમાં અંદાજે ૬.૪૦ (લાખ) ચો.મી વિસ્તારમાં એક તળાવ બનાવવાનુ આયોજન કરવામાં આવેલ છે. ઉપરોક્ત ડેમમાં અંદાજીત ૩૪.૨૭ પાણીનો સંગ્રહ થશે. જેને કારણે સનેસ તેમજ આજુ બાજુના ખેડુતોની અંદાજે ૨૦૦ હેક્ટર જમીનને ફાયદો થાય તેમ છે. જેનો પ્રાથમીક અંદાજ રૂ.૧૭૮૩.૩૦(લાખ) થવા જાય છે. જેની વહિવટી મંજુરી સરકારશ્રીમાંથી પત્ર ક્રમાંક નં. /૧૮૪૩/૦૩/૨૦૨૫ તા. ૨૯/૦૩/૨૦૨૫ થી મળેલ છે. તા.૦૭/૦૫/૨૦૨૫ના રોજ સનેસ ગામના આગેવાનો દ્વારા જાહેર હિસાબ સમિતિના ચેરમેનશ્રી પાસે સનેસ તળાવના સ્થળ ફેરફારની રજુઆત કરવામાં આવતા જાહેર હિસાબ સમિતિના ચેરમેન શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા માન. કેબીનેટ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવ-ળીયા સાહેબને લગત બાબતે રાજુઆત કરતા મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી સૌરાષ્ટની મૌખીક સુચનાથી સનેસ ગામના આગેવાનો સાથે તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ નવા સ્થળ માટે મુલાકાત લેવામાં આવેલ અને સ્થળ ફેરફાર કરી રૂ. ૧૭.૮૩ કરોડના ખર્ચે ડેમ/તળાવ બનાવવાની મંજુરી સરકાર દ્વારા, સિંચાઈ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા આપવામાં આવેલ છે.

# રાજકોટની પેન્શન ચુકવણા કચેરી કામચલાઉ ધોરણે સ્થળાંતરિત કરાઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યની સેવામાંથી નિવૃત થયેલા રાજકોટ જિલ્લાના પેન્શન મેળવતા પેન્શનરો અને કુટુંબ પેન્શનરોનું પેન્શન ''પેન્શન ચુકવણા કચેરી'' ખાતેથી કરવામાં આવે છે. હાલ, આ કચેરીના હોરીઝોન્ટલ એક્સપાન્શન અને હાલના હયાત બિલ્ડીંગના રિનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના અનુસંધાને પેન્શન ચુકવણા કચેરી કામચલાઉ ધોરણે તા.૩૧/૦૮/૨૦૨૫ રવિવારના રોજ રાજકોટ ખાતેના જિલ્લા સેવા સદન-૨ (બહુમાળી ભવન), રેસકોર્ષ રીંગ રોડ, બ્લોક નં ૭/૧, ૭/૨, તથા ૭/૩ સાતમાં માળે સ્થળાંતરની કામગીરી હાથ ધરવામાં આવશે.

વધુમાં આ કચેરી તા.૦૧/૦૯/૨૦૨૫ સોમવારથી રાબેતા મુજબ નવી જગ્યાએ કાર્યરત થશે. જેની સર્વે અધિકારીઓ, કર્મચારીઓ, સહિત પેન્શન, કુટુંબ પેન્શન મેળવતા પેન્શનરોએ નોંધ લેવા રાજકોટ પેન્શન ચુકવણા કચેરીના તિજોરી અધિકારી પી.એમ.જાડેજાની યાદીમાં જણાવાયું છે.

# ભાવિ તબીબને છરી બતાવી લૂંટ ચલાવનાર શખ્સ ગિરફ્તાર

## અકસ્માત સર્જી ખર્ચના પૈસા માંગી ૩૨૦૦ની લૂંટ ચલાવી'તી; ૪૪ હજારનો મુદ્દામાલ જપ્ત



**મુખ્ય સમાચાર રાજકોટ**

જામનગર રોડ પર મેડિકલ કોલેજ બોયઝ હોસ્ટેલમાં રહેતા અને પી.ડી.યુ. મેડિકલ કોલેજમાં ઈન્ટર્ન તબીબ તરીકે અભ્યાસ કરતાં દિપ પાંડોર (ઉ.વ.૨૩)ને છરી બતાવી ધમકી આપી રૂા.૩૨૦૦ પડાવી લેનાર આરોપીને પ્ર.નગર પોલીસે ધરપકડ કરી છે. ધરપકડ કરાયલામાં નીખીલપ્રસાદ ઉર્ફે રાજા અશોકપ્રસાદ સોની (ઉ.વ.૨૭, રહે. કલ્યાણ પાર્ક શેરી નં.૨, પત્રકાર સોસાયટી પાસે, એરપોર્ટ રોડ)નો સમાવેશ થાય છે. પ્ર.નગર પોલીસે બાતમીના આધારે આરોપીને પકડી સ્કુટર, રોકડ ફોન અને છરી મળી કુલ રૂા.૪૪, ૧૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. દિપ ૨૫મીએ બાઈક લઈને જઈ રહ્યો હતો ત્યારે સિવિલના ગેઈટ પાસે આરોપીએ ઈરાદાપૂર્વક તેનું સ્કુટર અથડાવી ઉભો રખાવી નુકશાનીના પૈસા આપવાનું કહી છરી બતાવી ધમકી આપી રૂ.૩૨૦૦ પડાવી લીધા હતા. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી આ બનાવમાં અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ? એ અંગે વધુ પુછપરછ શરૂ કરી છે. આ કામગીરી પ્ર. નગર પોલીસના પીએસઆઈ જે.એમ.જાડેજા, એ.એસ.આઈ આંનદભાઈ પરમાર, જેન્તીભાઈ વાવડીયા તથા પો.કોન્સ તોફિકભાઈ જુણાચ અને હિરેનભાઈ કારેથાએ કરી હતી.

# જાલી નોટો સાથે ઝડપાયેલી બે મહિલાને પાંચ વર્ષની સજા અને ૫૦ હજારનો દંડ ફટકારતી કોર્ટ

## સરધાર પાસેથી પકડાયેલી મહિલા રાજકોટમાં ખોટી ચલણી નોટો છાપતા હોવાનું કબુલ્યું હતું



એડવોકેટ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટનાં સરધાર પાસેથી બે મહિલાને પોલીસે બાતમીના આધારે જાલી નોટો સાથે ઝડપી લેવામાં આવી હતી. જેની પુછપરછ બાદ રાજકોટમાં આવેલી રિધ્ધિ સિધ્ધિ સોસાયટીમાં પોલીસે દરોડો પાડી બનાવટી ચલણી નોટો બનાવતાં શખ્સને પણ ઉઠાવી લીધો હતો. જે ગુનામાં સંડોવાયેલી બન્ને મહિલાને અદાલતે તકસીરવાન ઠેરવી પાંચ વર્ષની સખ્ત કેદની સજા અને રૂા.૫૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, રાજકોટ આજી ડેમ પોલીસ મથકનો સ્ટાફ વર્ષ ૨૦૧૮માં સરધાર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમીના આધારે વહીદાબેન હારૂનભાઈ રામોડીયા અને મંજુબેન ભરતભાઈ રાણીંગાને જાલી નોટો સાથે ઝડપી લીધી હતી. બન્ને મહિલાઓની પુછપરછ દરમિયાન વહીદાબેન રોમડીયાના ઘરે બોગસ ચલણી નોટો છાપવામાં આવતી હોવાનું કહેતા પોલીસે રાજકોટમાં રિધ્ધી સિધ્ધી સોસાયટીમાં દરોડો પાડી વસંત જનકભાઈ હાડા નામના શખ્સને પણ ઉઠાવી લીધો હતો. દરોડા દરમિયાન પોલીસે કલર્સ સ્કેનર પ્રિન્ટર અને કોરા કાગળો સહિતનો મુદ્દામાલ કબજે કરી ત્રણેયની ધરપકડ કરી હતી. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવી હતી. ચાર્જશીટ બાદ કેસ સેશન્સ કોર્ટમાં ચાલવા ઉપર આવતાં બન્ને પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ અદાલતે જાલી નોટો સાથે ઝડપાયેલી વહીદાબેન રોમડીયા અને મંજુબેન રાણીંગાને પાંચ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૫૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ રક્ષીત કલોલા અને સમીર ખીરા રોકાયા હતાં.

# જસ્ટિસ સંદીપ ભટ્ટની બદલીના વિરોધમાં રાજકોટના વકીલો આજે કોર્ટ કાર્યવાહીથી અળગા રહેશે

## હાઈકોર્ટ બાર એસોસિએશને કરેલા ઠરાવને ટેકો જાહેર કરી વિરોધ નોંધાવ્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

સુપ્રીમ કોર્ટની કોલેજિયમ દ્વારા દેશની વિવિધ હાઈકોર્ટના ૧૪ જજોની બદલીની ભલામણ કરવામાં આવી છે. જેમાં ગુજરાત હાઈકોર્ટના બે ન્યાયાધીશની બદલી કરવામાં આવતા જસ્ટિસ જસ્ટિસ સંદીપ ભટ્ટની બદલીના વિરોધમાં વકીલોમાં નારાજગી જોવા મળી રહી છે. ત્યારે રાજકોટ બાર એસોસિએશન દ્વારા ગુજરાત હાઈકોર્ટ બાર એશોસીએશને કરેલા ઠરાવને ટેકો જાહેર કરવામાં આવ્યો છે. વકીલો આવતી કાલે તમામ પ્રકારની કાનૂની કાર્યવાહીથી અલિપ્ત રહેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે. પ્રાપ્ત વિગત મુજબ સુપ્રીમ કોર્ટની કોલેજિયમ દ્વારા દેશની વિવિધ હાઈકોર્ટના ૧૪ જજોની બદલીની ભલામણ કરવામાં આવી છે. આ યાદીમાં ગુજરાત હાઈકોર્ટના બે ન્યાયાધીશ જસ્ટિસ સંદીપ ભટ્ટ અને જસ્ટિસ સી.એમ. રોયનો પણ સમાવેશ થાય છે. કોલેજિયમે જસ્ટિસ સંદીપ એન. ભટ્ટની બદલી મધ્ય પ્રદેશ હાઈકોર્ટમાં અને જસ્ટિસ રોયની બદલી આંધ્ર પ્રદેશ હાઈકોર્ટમાં કરવાની ભલામણ કરી છે.



જસ્ટિસ સંદીપ ભટ્ટની બદલીના વિરોધમાં ગુજરાતભરના વકીલોમાં રોષ ફાટી નીકળ્યો છે. અને બદલીને નિર્ણય સામે વિરોધો નોંધાવવામાં આવી રહ્યા છે. રાજકોટ બાર એસોસિએશન દ્વારા ગુજરાત હાઈકોર્ટ બાર એશોસીએશને કરેલા ઠરાવને ટેકો જાહેર કરવામાં આવ્યો છે. વકીલો આવતી કાલે તમામ પ્રકારની કાનૂની કાર્યવાહીથી અલિપ્ત રહેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે. ગુજરાત રાજયના જસ્ટીસ સંદિપ એન. ભટ્ટ સાહેબની બદલી ગુજરાત હાઈકોર્ટમાં આંતરિક રાજકારણ અને જૂથવાદના કારણે થઈ હોવાનું માની જયુડીસ્યરીની ગરીમાને લાંછન લાગે તેવી હોય જેથી તેઓની બદલીનો આદેશ પાછો ખેંચવા માટે સુપ્રિમ કોર્ટના કોલેજીયમ સમક્ષ રજુઆત કરવા તથા સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ અને કોલેજીયમના સભ્યો સમક્ષ રજુઆત કરવાનું સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# થોરાળા પોલીસ સ્ટેશનમાં લુખ્ખાઓ અંગે રજૂઆત કરવા છતાં પોલીસે આંખ આડા કાન કર્યા...?









**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં સંવેદનશીલ માનવામાં આવતા થોરાળા વિસ્તારમાં છાશવારે હત્યા, હત્યાની કોશીષ, લૂંટ, અપહરણ, મારામારી જેવા બનાવો છાશવારે બનતા હોય છે. પરંતુ ભુતકાળમાં એક સમય એવો હતો કે થોરાળા પોલીસ સ્ટેશનમાં પીઆઇ તરીકે એસ.એન.ગડુને નીમણુંક કરવામાં આવ્યા બાદ થોરાળા વિસ્તારમાં ગુન્હેગારો ખો ભુલી જઇ ભુર્ગભમાં ઉતરી ગયા હતા. પરંતુ આજે પરિસ્થિતિ આ વિસ્તારમાં કંઇક અલગ જ ઉપસી આવે છે. અધિકારીઓ વિસ્તારમાં કોઇ જગ્યાએ નજરે નહીં પડતા ગુન્હેગારોને આ વિસ્તારમાં મોકરૂ મેદાન મળી ગયું હોય તેમ છાશવારે જાહેરમાં મારામારી કે લુખ્ખાગીરી કર્યાના બનાવો આમ બન્યા છે.

ગઇકાલે વહેલીસવારે નવા થોરાળામાં આવેલ ન્યુ સર્વોદય સોસાયટી મેઇન રોડ પર સત્યમપાર્કની બાજુમાં લુખ્ખા તત્વોને ગણેશ પંડાલની બાજુમાં સરકારી બાકડા પર નશો કરવાની ના કહેનાર ગણેશ પંડાલના સંચાલક અજયભાઇ દાફડા પર કેટલાક લુખ્ખાઓએ હુમલો કરી ગણેશ પંડાલની બહાર રાખેલ ખુરશીઓમાં તોડફોડ કરી સોડા બોટલના ઘા કર્યાની હિચકારી ઘટના બનવા પામી હતી. પરંતુ અગાઉ ગઇ તા.૧૪-૮ના રાત્રીના સમયે આ ન્યુ સર્વોદય સોસાયટી મેઇન રોડ પર નસેડીઓ અને લુખ્ખા તત્વો ડેરાતંબુ તાણીને બેઠા હોય તથા મોડી રાત્રે એક્ટિવા પર એક યુવક અને એક યુવતી જાહેરમાં કામકિડા કરતા હોય અને આ રોડ પરથી સોસાયટીની બહેન-દિકરીઓને રાત્રીના સમયે વોકિંગ કરવા નિકળતી હોય ત્યારે સરમ અનુભવી પડતી હોય અને ન છૂટકે ન જોવાના આવા દ્રશ્યો સામે આવતા હોય જેથી આ વિસ્તારના જાગૃત પત્રકાર દ્વારા શહેર પોલીસ કંટ્રોલ રૂમમાં આ અંગે જાણ કરવામાં આવી હતી અને થોરાળા પોલીસ મથકે પણ જાણ કરવામાં આવતા હાજર મહિલા પીએસઓ દ્વારા એમ જણાવવામાં આવ્યું હતું કે, તમે રૂબરૂ પોલીસ સ્ટેશન આવી તમારી ફરીયાદ આપી જાવ એટલે પોલીસ કાર્યવાહી કરશે. મહિલા પીએસઓના આ શબ્દો સાંભળી જાગૃત પત્રકાર તાબડતોબ એક જ સમયે તાત્કાલીક પોલીસ સ્ટેશન ખાતે પહોંચી જઇ લેખીકમાં તારીખ ૧૪-૮-૨૦૨૫ના અરજી આપી હતી. પરંતુ થોરાળા પોલીસના સ્ટાફે આ અંગે કોઇ નક્કર કાર્યવાહી કરી ન હતી અને પત્રકારની અરજીને જાણે અભેરાયે ચડાવી દીધી હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો હતો.

પત્રકારની અરજી પર જો થોરાળા પોલીસે ગંભીરતાને ધ્યાને લઇ આ વિસ્તારમાં પોલીસનું પેટ્રોલિંગ વધાર્યુ હોત તો ગઇકાલે લુખ્ખાઓએ ગણેશ પંડાલના સંચાલક પર હુમલો કર્યો અને ગણેશ પંડાલ પર સોડા બોટલના ઘા કર્યા તે ઘટના બનવા પામી ન હોત.

### પત્રકારે કરેલી અરજી પર થોરાળા પોલીસે કાર્યવાહી કરી હોત તો લુખ્ખાઓની ગણેશ પંડાલ પર સોડા બોટલના ઘા કરવાની હિમ્મત ન થઇ હોત



## રજપુતપરામાં સ્પાની આડમાં ચાલતા કુટણખાના પર પોલીસ ત્રાટકી: બેની ધરપકડ

### સંચાલક અને મેનેજર ત્રણ યુવતીને સાથે રાખી દેહવ્યપાર કરાવતા હતાઃ ગ્રાહકો પાસેથી ૩૫૦૦ લઈ યુવતીઓને ૧૦૦૦ આપતા

**મુખ્ય સમાચા, રાજકોટ**

શહેરમાં સ્પાની આડમાં કુટણખાના ચાલતા હોવાની ફરિયાદો ઉઠતા એ ડીવીઝન પોલીસે રજપૂતપરામાં આવેલ સુરભી કોમ્પલેક્ષમાં આવેલ ૭ પ્લસ સ્પામાં દરોડો પાડી દેહવ્યાપરનો ધંધો કરતા સ્પાના સંચાલક અને મેનેજરની રંગે હાથ ઝડપી લીધા હતા. આરોપીઓ ગ્રાહકો પાસેથી રૂ.૩૫૦૦ લઈ પશ્ચિમ બંગાળ સહિત ૩ યુવતીઓને માત્ર રૂ.૧૦૦૦ આપતા હોવાનું બહાર આવ્યું છે.

આ અંગેની માહિતી મુજબ રજપૂતપરામાં સુરભી કોમ્પલેક્ષમાં આવેલ ૭ પ્લસ સ્પામાં દેહવ્યાપાર ચાલતો હોવાની માહિતીના આધારે પીઆઈ બોરીસાગર સહિતના સ્ટાફે ડમી ગ્રાહક મોકલી વેરીફાઈ કરાવી દરોડો પાડયો હતો.તેમાં મેનેજર કશ્યપ નીતીનભાઈ ચુડાસમા અને સંચાલક રાહુલ મનોજભાઈ હજારીયાની અટકાયત કરી હતી તેમજ સ્પામાંથી મળી આવતા એક પશ્ચિમ બંગાળ અને બે લોકલ યુવતીઓની પુછતાછ કરતા સ્પાનો સંચાલક અને મેનેજર ગ્રાહકો પાસેથી રૂ.૩૫૦૦ લઈ યુવતીઓને માત્ર રૂ.૧૦૦૦ આપતા હોવાનું બહાર આવતા પોલીસે બન્ને આરોપીઓ સામે ધી ઈમોરલ ટ્રાફિક એકટ હેઠળ ગુનો નોંધી બન્ને આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## છોટુનગરમાં મકાન ખાલી કરવા શાકભાજીના ધંધાર્થી પર હુમલો

### અટલ સરોવર પાસે અજાણ્યા શખ્સોએ બાઈકને આંતરી ચાલકને માર માર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રૈયા રોડ ઉપર આવેલા છોટુનગરમાં મકાન ખાલી કરવાનું કહેતા શાકભાજીના ધંધાર્થી ઉપર ભાડુઆતે છરી વડે હુમલો કર્યો હતો. યુવકને પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની મળતી વિગત મુજબ, છોટુનગરમાં રહેતાં અને શાકભાજીનો ધંધો કરતાં જગમાલભાઈ કાંતિભાઈ સમેચા (ઉ.૪૦)એ એક વર્ષ પહેલા ઘર પાસે ભાડુ અપાવેલું મકાન ખાલી કરવાનું કહેતાં ભાડુઆત રમેશ નામનાં શખ્સે છરી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો

મુંજકામાં આવેલા ટીટોડીયા કવાર્ટરમાં રહેતાં વિનોદચંદ રાજુચંદ ઠાકોરી નામનો ૨૫ વર્ષનો યુવાન હોટલમાં કામ કરી પોતાનું બાઈક લઈ મધરાત્રે ઘરે પરત ફરતો હતો ત્યારે અટલસરોવર પાસે અજાણ્યા શખ્સોએ આંતરી માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસહાથ ધરી છે.

## ગોંડલના રીબડા ફાયરીંગ પ્રકરણમાં પોલીસે વધુ બે શખ્સોની કરી ધરપકડ

### રાજકોટના બે શખ્સો શુટરોને હથીયાર પૂરા પાડયા હોવાથી કાર્યવાહી

**મુખ્ય સમાચાર, ગોંડલ**

રીબડા માં પેટ્રોલ પંપ પર ફાયરિંગ ની ઘટના માં તાલુકા પોલીસે ફાયરિંગ કરનાર શુટરો ને હથિયાર પુરુ પાડનાર બે શખ્સોને રાજકોટ થી ઝડપી લઇ પુછપરછ હાથ ધરી છે. પ્રાપ્ત વિગત મુજબ ગત તા.૨૪ જુલાઈ નાં રીબડામાં અનિરુદ્ધસિંહ નાં ભત્રીજા નાં પેટ્રોલ પંપ ઉપર રાત્રીનાં ફાયરીંગ ની ઘટના બની હતી. અનિરુદ્ધસિંહ નાં પુત્ર રાજદિપસિંહ અને પિન્ટુ ખાટડી સાથેની માથાકુટ ને લઈ હાર્દિકસિંહે ફાયરિંગ કરાવ્યાનુ ખુલવા પામ્યુ હતુ.બાદમાં એસએમસી દ્વારા કેરલ ખાતે થી હાર્દિકસિંહ ની ધરપકડ કરાઈ હતી.

તેની પુછપરછ માં તેની મદદગારી કરનાર રાજકોટનાં વકીલ રવી ગમારા અને ધર્મેન્દ્ર રાવલ નાં નામ ખુલતા પોલીસે તેની પણ અટકાયત કરી પૂછપરછ હાથ ધરી હતી.જેમા ફાયરીંગ માટે હથિયાર પુરુ પાડનાર રાજકોટ નાં પુનિતનગર માં રહેતા ઈમરાન ઉર્ફે કાળુ હસમભાઈ સૈયદ ઉ.૨૪ તથા પરિક્ષીત ઉર્ફે પરેશ ઉર્ફે પરીયો રાજુભાઈ બાલધા નાં નામ ખુલતા તાલુકા પોલીસ નાં પીઆઈ એ.ડી.પરમાર તથા તેની ટીમે બન્ને ને રાજકોટ થી ઉઠાવી લઈ પુછપરછ કરતા ઈમરાન બનાવની રાત્રે ફાયરિંગ કરનાર શખ્સોને શાપર નાં ઓવરબ્રિજ પાસે હથિયાર આપવા આવ્યો હોવાની કબુલાત આપી હતી.ફાયરિંગ ની ઘટના માં વધુ કોઈની સંડોવણી છે કે કેમ તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

## થાનગઢમાં રોડ બનાવવા મામલે માથાકૂટ થતા ભાજપ નગરસેવીકાના પુત્રને છરીના ઘા ઝિંકયા

### ઘર સુધી રોડ નહી બનાવતા હુમલો, ગંભીર હાલતમાં રાજકોટ સારવારમાં ખસેડાયોઃ ચકચાર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

થાનગઢમાં રોડના ડખ્ખામાં ભાજપ નેતાની હત્યાનો પ્રયાસ થયો છે. મારાં ઘર સુધી રોડ કેમ ન બનાવ્યો? તેમ કહીં ભાજપ કોર્પોરેટર લીલાબેન ચાવડાના પુત્ર જેન્તીભાઈને છરીના ઘા ઝીંકાયા હતા. તેમને ગંભીર હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આંબેડકરનગરમાં જ રહેતા ઉદય અને કેતન ઉર્ફે ભાણો તથા દેવજી અને તેની સાથેના માણસોએ ઝઘડો કરી જીવલેણ હુમલો કર્યો હતો. આરોપીઓને પકડવા પોલીસમાં દોડધામ થઈ ગઈ છે.

આ અંગે મળતી વિગત મુજબ જેન્તીભાઈ રામજીભાઈ ચાવડા (ઉંમર વર્ષ ૩૫, રહે. આંબેડકરનગર શેરી નંબર ૩, થાનગઢ, જિલ્લો સુરેન્દ્રનગર) રાત્રે ૧૦ વાગ્યા આસપાસ પોતે પોતાના ઘર પાસે હતા ત્યારે સામેવાળા ઉદય અને કેતન ઉર્ફે ભાણો તથા દેવજી અને તેની સાથેના માણસો ધસી આવ્યા હતા અને ઝઘડો કરી છરીના ઘા જેન્તીભાઈને પેટના ભાગે મારી દીધા હતા. લોહી લુહાણ હાલતમાં જેન્તીભાઈને પ્રથમ થાનગઢ હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ડોક્ટરે તેમની હાલત ગંભીર જણાવી હતી. અહીં તત્કાલ તેનું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પરિવારજનોએ જણાવ્યું કે, જૈન્તીભાઈ પોતે ભાજપના યુવા આગેવાન છે, તેમના માતા લીલાબેન ચાવડા ભાજપમાંથી ચૂંટાયેલા કોર્પોરેટર છે. બનાવનું કારણ એવું છે કે, તાજેતરમાં થાનગઢ નગરપાલિકા દ્વારા આંબેડકર નગર વિસ્તારમાં નવો રોડ મંજૂર કરવામાં આવ્યો છે. રોડ ક્યાંથી ક્યાં સુધી બનાવવામાં આવશે તે નક્કી કરી તે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જોકે સામેવાળા આરોપીઓ દ્વારા એવો આક્ષેપ લગાવવામાં આવ્યો હતો કે, કોર્પોરેટર ના ઘર સુધી જ રોડ બન્યો છે. આરોપીઓના ઘર સુધી રોડ બન્યો નહોતો. આ બાબતે ડખ્ખો થયો હતો. અને બાદમાં કોર્પોરેટરના પુત્ર ઉપર છરી વડે જીવલેણ હુમલો થયો હતો. આ બનાવ બનતાની સાથે જ થાનગઢ પોલીસ તોડી ગઈ હતી. આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કરાયા હતા. આ તરફ જેન્તીભાઈની હાલત ગંભીર હોય પરિવારજનોમાં ચિંતા વ્યાપી ગઈ હતી.

## રાજકોટમાં પરપ્રાંતીય યુવતીની છેડતી કરી બેલડીએ માર માર્યો

### ચાલ મારી સાથે ઓરડીમાં તેમ કહી ધમકી આપી હુમલો કરતા યુવતીને સારવારમાં ખસેડાઇ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે લાપાસરી રોડ વાડી વિસ્તારમાં રહેતી મરાઠી યુવતીનો પીછોકરી બે શખ્સોએ ચાલ મારી સાથે ઓરડીમાં તેમ કહી છેડતી કરી ઢીકા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

જાણવા મળતી વિગત મુજબ મુળ મહારાષ્ટ્રની વતની અને હાલ લાપાસરી રોડ પર વાડીમાં ખેત મજૂરી કરતી ૨૭વર્ષિય યુવતીએ આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કમલેશ ઉર્ફે નાયક અને ભાવેશ ઉર્ફે કચ્છોના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૭ના રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં તેણી લાપાસરી રોડથી ઘર તરફ ચાલીને જતી હતી

ત્યારે બાઈક પર બે શખ્સો તેનો પીછો કરતા હોય જેથી તેણી ઝડપી ચાલીને અરોડી નજીક પહોંચતા બંને શખ્સોએ ત્યાં આવી ચાલ મારી સાથે ઓરડીમાં તેમ કહ્યું હતુ જેથી યુવતીએ ના પાડતા બંને શખ્સોએ ઢીકા પાટુનો માર માર્યો હતો. દરમિયાન તેણીએ રાડારાડી કરતા પાડોશીઓ દોડી આવ્યા હતા. જેથી આરોપીઓ જો તુ કોઈને આ બનાવ વિશે કઈશ તો તને જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી નાશી છૂટયા હતા. બાદમાં તેણીને શરીરે દુખાવો થતો હોવાથી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ અંગી આજીડેમ પોલીસે બંને શખ્સો સામે છેડતી સહિતની કલમો હેઠળ ગુનો નોંધીસ વધુ તપાસ હાથ ધરી છે.

## કોટડાસાંગાણીના ખરેડા ગામના રસ્તે કારમાં રૂ.૯.૨૧ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે રાજકોટનો શખ્સ ઝડપાયો

### રૂરલ એસઓજીની ટીમે બાતમીના આધારે ગોંડલ-કોટડાસાંગાણી રોડ પર વોચ ગોઠવી શખ્સને દબોચી લઇ રૂ.૧૪.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલા ઇન્ડટ્રીયલ એરીયામાં માદક પદાર્થોનું વેચાણ પુરજોશમાં ચાલતુ હોવાની ફરીયાદોના પગલે ગ્રામ્ય એસઓજીની ટીમે પેટ્રોલિંગ સઘન બનાવી કોટડાસાંગાણીના ખરેડા ગામના રસ્તે કારમાં રાજકોટના શખ્સને રૂ.૯.૨૧ લાખના મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ સાથે દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગ્રામ્ય એસઓજીની ટીમના પીઆઇ એફ.એ.પારગીની સુચનાથી પીએસઆઇ કે.એમ.ચાવડા, એએસઆઇ વિપુલભાઇ ગુજરાતી, હેડ કોન્સ. પ્રહલાદસિંહ રાઠોડ, કોન્સ. હિમ્મતસિંહ પાલ સહિતનો સ્ટાફ કોટડાસાંગાણી-ગોંડલ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, રાજકોટના દુધસાગર રોડ પર હાઉસિંગ બોર્ડ સોસાયટી સાગર ચોકમાં રહેતો અને મુળ ગોંડલ સુતારી શેરી દેવપરાનો વતની શાહીલ ઉર્ફે રઝાક ફિરોઝ બોકલાણી નામનો શખ્સ કાર નંબર જીજે૦૩એનકે૨૦૪૪માં મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો લઇ કોડટાસાંગાણીથી ગોંડલના રસ્તે નિકળવાનો હોવાની હકિકતના આધારે પોલીસે ખરેડા ગામ પાસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન ઉપરોકત નંબરવાળી કાર નિકળતા પોલીસે અટકાવી ચાલક સાહિલ ઉર્ફે રઝાક બોકલાણીને અટકાયતમાં લઇ કારની તલાસી લેતા તેમાંથી ૯૨.૧૬૦ ગ્રામ મેફેડ્રોન (એમડી) ડ્રગ્સનો જથ્થો કિંમત રૂ.૯.૨૧ લાખનો મળી આવતા પોલીસે શખ્સની ધરપકડ કરી કાર અને મોબાઇલ સહિત કુલ રૂ.૧૪.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## પૂર્વ ટ્રાફિક બ્રિગેડ યુવતીએ વિધિના બહાને માસી સાથે આચરી ૨૩ લાખની છેતરપિંડી

### માસિયાઈ બહેનની દીકરીએ દાગીના ફાયનાન્સમાં ગીરવે મૂકી દીધા હોવાનું ખુલ્યું

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ ના બેટી ગામમાં રહેતા ભારતીબેન જયેશભાઈ બાંભણીયા (ઉ.વ.૪૨) સાથે તેના માસિયાઈ બહેનની દિકરી જીજ્ઞાસા મનસુખભાઈ સીતાપરા (રહે, ઢેબર કોલોની, રાજકોટ)એ વીધી કરવાના બહાને સોનાના દાગીના અને રોકડ મળી રૂા. ૨૩.૭૫ લાખની છેતરપીંડી કર્યાને એરપોર્ટ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ છે.

ભારતીબેને પોલીસને જણાવ્યું છે કે, આરોપી અવારનવાર તેના ઘરે આવતી હતી. તેના પુત્ર મિતેષના લગ્ન અને સગાઈ તુટી ગયા હોવાથી આ અંગે આરોપીને વાત કરી હતી. જેથી તેણે જાણીતા ભુવા દિલીપભાઈ (રહે, સુંદરનગર)વાળા છે. તેની પાસે દાણા જોવડાવીએ તેમ કહેતા તેને હા પાડી હતી. ત્યારબાદ આરોપી અને તેનો પુત્ર મીતેષ અવારનવાર ભુવા પાસે જતા હતાં. એક વખત આરોપીએ ભુવાએ મને કીધું છે કે, મીતેષ ઘરમાં દાગીનાની ચોરી કરશે.

તેમ કહેતા તેને તે આવું ન કરે તેવું કઈ કરો કહેતા આરોપીએ ભુવાજીએ મને દાગીના થાળીમાં મુકી પોટલું બાંધી કબાટમાં મુકવા પડશે. તેમ વાત કરી છે. આથી તેણે વીધી કરવાની હા પાડયા બાદ ૨૦૨૪માં આરોપીએ સોના ચાંદીના દાગીનાનું પોટલું બાંધી તેને ઘરના દરવાજા બહાર ઉભું રહેવાનું કહ્યું હતું. વિધિ બાદ પોટલું પરત આપતા કબાટમાં મુકી દીધું હતું. આઠેક માસ બાદ પોટલું ખોલતાં તેમાંથી માત્ર ચાંદીના દાગીના મળ્યા હતાં. જયારે રૂા.૨૦.૫૨ લાખના સોનાના દાગીના જોવા મળ્યા ન હતાં. એટલું જ નહીં આરોપી તેના પુત્ર મિતેષ અને પ્રશાંત પાસેથી રૂા. ૩.૨૨ લાખપણ લીધા હોવાનું બન્ને પુત્રોએ જણાવ્યું હતું. આથી તે પરિવાર સાથે આરોપીનાં ઘરે જઈ પુત્રાએ જુણાવ્યું સમજાવવા ગયા હતાં. જયાં આરોપી હાજર ન હોય તેના પરિવારજનોએ દાગીના પરત આપી દેશે તેમ વાત કરી હતી. બીજા દિવસે આરોપી ભુવા અને તેની પત્ની સાથે આવતા દાગીના માંગ્યા હતાં. પરંતુ કોઈ જવાબ આપ્યો ન હતો. ત્યારબાદ પરિવારજનોએ આરોપીની કડક પુછપરછ કરતાં તે ૨૦ દિવસમાં આપી દેશે તેમ ખાતરી આપી હતી. ૨૦ દિવસ બાદ આરોપીનાં ભાઈ અને માતાએ તેને ફાઈનાન્સની બે બ્રાંચો દેખાડી આરોપીએ મારા દાગીના ત્યાં રાખેલા છે. તેમ વાત કરી હતી. આરોપીને તેણે અવારનવાર દાગીના આપવાનું સમજાવવા છતાં પરત નહીં આપતા અંતે એરપોર્ટ પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી.

## જામનગર રોડ પર ધંધાકીય હરીફાઈ અંગે ઈકોચાલક ઉપર ત્રણ શખ્સો ધોકા વડે તુટી પડયા

### સરધારમાં જૂની અદાવતમાં માતા-પુત્ર ઉપર ત્રણ શખ્સોએ કર્યો હુમલો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર આવેલા નાગેશ્વર બસ સ્ટેશન પાસે ધંધાકીય હરિફાઈનો ખાર રાખી ઈકો ચાલક ઉપર ત્રણ શખ્સોએ ધોકા વડે હુમલો કર્યો હતો.હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે આવેલ પંડીત દીનદયાળ ટાઉનશીપમાં રહેતાં અને ઈકો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતાં અજયસિંહ પ્રવિણસિંહ જાડેજા નામનો ૪૦ વર્ષનો યુવાન સાંજના છએક વાગ્યાના અરસામાં જામનગર રોડ પર નાગેશ્વર બસ સ્ટેશન સામે હતો ત્યારે ધરમનગરમાં રહેતાં વિશાલ અને ગાંધીગ્રામમાં રહેતાં ભૂરા સહિતના શખ્સોએ ઝઘડો કરી ધોકા વડે માર માર્યો હતો.

હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં ઈકોના ફેરાની ધંધાકીય હરિફાઈમાં હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

બીજા બનાવમાં રાજકોટ નજીક આવેલા સરધાર ગામમાં રહેતા જોનીશભાઈ કાનજીભાઈ પરમાર (ઉંમર વર્ષ ૨૯) અને તેમના માતા રમાબેન (ઉંમર વર્ષ ૪૬) સાંજે સરધાર ગામમાં કોળીપરામાં પંચમુખી ચોક ખાતે પોતાના ઘર પાસે હતા ત્યારે સામેવાળા પેઠીયો ભરવાડ, જીગો મુંધવા, ભાવેશ કાંગલીયા તથા તેમની સાથેના અન્ય માણસોએ ઝઘડો કરી ધોકા, ધારીયા તથા પાઈપ વડે માર માર્યો હતો.

જોનીશભાઈએ જણાવ્યું કે, પોઠીયો ઈકો કાર લઈ નીકળ્યો ત્યારે ફૂલ સ્પીડમાં ચલાવતા ખાબોચિયું ભરેલું હોય, તેમાંથી મને પાણી ઉઠયું હતું. મેં કાર ધીમી ચલાવવાનું કહેતા બોલાચાલી થઈ હતી. પછી આ પોઠીયો બીજા માણસોને લઈ મારાં ઘર પાસે આવ્યો હતો અને હુમલો કર્યો હતો. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.